Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૫૦
તા.૧૬-૧૦-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૩ આસો વદ - ૧૨
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૯ સૂર્યાસ્ત : ૦૬:૧૩

તાપમાન
ડીસા ૩૯.૦ | વડોદરા ૩૬.૬
અમદાવાદ ૩૭.૭ | સુરત ૩૪.૮
ગાંધીનગર ૩૮.૫ | નલિયા ૩૯.૦

ચાંદી : ૪૦,૭૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક
# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

# મોટી અપેક્ષાઓ વચ્ચે મોદી આજે ગૌરવ સંમેલન સંબોધશે

### ૧૫ દિવસની ગુજરાત ગૌરવ યાત્રા પરિપૂર્ણ થતાં નવો ઉત્સાહ : છેલ્લા સપ્તાહમાં વિવિધ લોકાર્પણ અને આધારશીલાના કાર્યક્રમ બાદ આજે મોદી કોઈ વધુ મોટી જાહેરાત કરે તેવી સંભાવના : ૭ લાખ લોકો જોડાશે

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર થયો નથી ત્યારે ભાજપના તમામ ટોચના નેતાઓ સક્રિય થઇ ગયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતે પણ ગુજરાત ઉપર સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરી ચુક્યા છે. આના ભાગરુપે જ મોદી આવતીકાલે ફરી એકવાર ગુજરાત પહોંચી રહ્યા છે. મોદી આવતીકાલે ગુજરાત ગૌરવ મહાસંમેલનમાં ઉપસ્થિત લાખો લોકોને સંબોધન કરનાર છે જેમાં કેટલીક મોટી જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા પણ છે. ગયા સપ્તાહમાં મોદીએ રાજકોટ, વડનગર, ગાંધી નગર, ભરુચમાં જુદા જુદા પ્રોજેક્ટો માટે આધારશીલા મુકી હતી. સાથે સાથે લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. ૮મી ઓક્ટોબરે તેમના માદરે વતન વડનગરમાં ભવ્ય રોડશો પણ યોજયો હતો. પાર્ટીના સિનિયર નેતાઓ પહેલી ઓક્ટોબરના દિવસે શરૂ થયેલી ૧૫ દિવસની ગુજરાત ગૌરવ યાત્રામાં જોડાયા હતા. આ ગુજરાત ગૌરવ યાત્રા ગુજરાતમાં ૧૮૨ વિધાનસભા મતવિસ્તાર પૈકી ૧૪૯માં ફરી હતી. મોદી આવતીકાલે ગૌરવ મહા સંમેલનમાં સાત લાખ જેટલા ભાજપ કાર્યકરોને માર્ગદર્શન આપશે તેવી વાત આજે ગુજરાત ભારત ભાજપ વડા જીતુ વાઘાણીએ આપી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે ગાંધીનગર ભાટ ગામ પાસેના ટોલ પ્લાઝા નજીક વિશાળ ગ્રાઉન્ડમાં યોજાનારા પેજ પ્રમુખોના રાજયવ્યાપી ગુજરાત ગૌરવ મહાસંમેલનને લઇ ગુજરાત આવી રહ્યા છે, જેને લઇ ભાજપના કાર્યકરોથી માંડી સ્થાનિક નેતાઓ અને આગેવાનોમાં ભારે ઉત્સાહનો માહોલ છવાયો છે. મોદીના મહાસંમેલનમાં અમદાવાદ શહેર સહિત ગુજરાતભરમાંથી પેજ પ્રમુખો, કાર્યકરો સહિત સાત લાખથી વધુ લોકો ઉમટવાનો અંદાજ છે. આટલી મોટી સંખ્યામાં જનમેદની ઉમટનાર હોઇ ભાજપના સ્થાનિક નેતાઓ અને આગેવાનો દ્વારા મહાસંમેલનને સફળ બનાવવા માઇક્રોપ્લાનીંગ કરાયું છે.

### નોટબંધી, જીએસટી મુદ્દે ટિકા બાદ પ્રતિક્રિયા

## ગુજરાત ચૂંટણીના પરિણામોથી જીએસટી વિરોધીઓની બોલતી બંધ થશે : જેટલી

નવીદિલ્હી

નાણામંત્રી અરુણ જેટલીએ નોટબંધી અને જીએસટી ઉપર સરકારને ઘેરવાના પ્રયાસ કરનાર વિપક્ષ ઉપર જોરદાર પ્રહારો કર્યા છે. અમેરિકાના પ્રવાસમાં રહેલા નાણામંત્રીએ કહ્યું છે કે, ગજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામથી લોકો કોની સાથે છે તે બાબત સાબિત થઇ જશે. જેટલીએ એમ પણ કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશ વિધાનસભાની ચૂંટણીના પરિણામથી અમે સાબિત કરી ચુક્યા છે. ઉત્તર પ્રદેશ ચૂંટણીના પરિણામ તમામ માટે આશાસ્પદ રહ્યા છે. અભૂતપૂર્વ જીત ઉત્તર પ્રદેશમાં થઇ હતી. નોટબંધી બાદ ઉત્તર પ્રદેશમાં ચૂંટણી યોજાઈ હતી. તે વખતે ભાજપે કહ્યું હતું કે, લોકોએ નોટબંધીના નિર્ણયને સ્વિકારી લીધો છે. જેટલીએ વોશિંગ્ટનમાં અમેરિકા-ભારત વ્યૂહાત્મક મંચ દ્વારા આયોજિત કાર્યક્રમમાં આ મુજબની વાત કરી હતી. નાણામંત્રીએ કહ્યું હતુ ંકે, જીએસટી અને નોટબંધી જેવા ખુબ જ કડક અને સાહસી નિર્ણયો લેવા માટે તીવ્ર ઈચ્છાશક્તિની જરૂર હોય છે. આ ખુબ જ સાહસી નિર્ણય છે. વૈશ્વિક સ્તર પર ભારતના આ ખુબ જ સાહસી નિર્ણયોની પ્રશંસા થઇ રહી છે.

### ગતકડું....
- દેવન વ્યાસ



આભની નહીં, મને તો વિધાનસભાની ચૂંટણીની ગરમી હોય તેવું લાગે છે....!!!

## આજથી કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટીની બેઠકોનો દોર

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટીની બેઠકોનો દોર આવતીકાલથી શરૂ થઇ રહ્યો છે. કોંગ્રેસની સ્ક્રીનીંગ કમીટીની બેઠકો તા.૧૬,૧૭ અને ૧૮ ઓકટોબર એમ ત્રણ દિવસ દરમ્યાન શહેરમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ખાતે મળશે. જેમાં સ્ક્રીનીંગ કમીટીના ચેરમેન સહિતના પદાધિકારીઓ ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે ઉમેદવારોની પસંદગીના મુદ્દે મહત્વપૂર્ણ ચર્ચા વિચારણા હાથ ધરશે. બીજીબાજુ, આવતીકાલે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા એક મહત્વની ચૂંટણીલક્ષી બેઠક પણ બોલાવવામાં આવી છે, જેમાં વિધાનસભા ચૂંટણીઓને લઇ આગળની રણનીતિ નક્કી કરવામાં આવશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઇ કોંગ્રેસમાં બેઠકોનો ધમધમાટ ચાલુ રહ્યો છે. તાજેતરમાં જ ગુજરાત કોંગ્રેસના નેતાઓ ભરતસિંહ સોલંકી, મોહનસિંહ રાઠવા સહિતના નેતાઓ દિલ્હી ખાતે સ્ક્રીનીંગ કમીટીની બેઠકમાં ઉમેદવારોની પસંદગી ના મુદ્દે ભાગ લેવા ગયા હતા પરંતુ આ મામલે કોઇ ખાસ નિર્ણય થઇ શકયો ન હતો. દરમ્યાન હવે સ્ક્રીનીંગ કમીટીના અધ્યક્ષ બાલાસાહેબ થોરાટના વડપણ હેઠળ એક મહત્વની બેઠક તા.૧૬,૧૭ અને ૧૮ ઓકટોબર એટલે કે, સોમ, મંગળ અને બુધવારે અમદાવાદમાં જીપીસીસી ખાતે મળવા જઇ રહી છે. જેમાં પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી, સિનિયર નેતાઓ શકિતસિંહ ગોહિલ, અર્જુનભાઇ મોઢવા ડિયા સહિતના અગ્રણી નેતાઓ અને આગેવાનો ભાગ લેશે. સ્ક્રીનીંગ કમીટીના પદાધિકારીઓ ગુજરાત કોંગ્રેસના નેતાઓ સાથે ગુજરાત વિધાનસભાની ૧૮૨ બેઠકો પર કયા ઉમેદવારોને ઉભા રાખવા અને કઇ બેઠક પર કઇ જ્ઞાતિનું કાર્ડ હુકમનો એક્કો સાબિત થશે તે સહિતની બાબતોને લઇ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરાશે.

## સરકાર નિર્ણય નહી લે તો, જન વેદના સંમેલન કરાશે

અમદાવાદ

ગુજરાત રાજયના બેરોજગાર યુવાનો, આશાવર્કર, આંગણવાડી બહેનો, ખેડૂતો, કોન્ટ્રાકટ અને આઉટસોર્સ કર્મચારીઓના કિસ્સામાં અગાઉ રાજય સરકારે યોગ્ય નિરાકરણ લાવવાની આપેલી બાંહેધરીનું પાલન નહી થતાં અને આ તમામ લોકોના પડતર પ્રશ્નોનું સુખદ સમાધાન નહી થતાં ગુજરાત જન અધિકાર મંચ દ્વારા તા.૧૬મી ઓકટોબર સુધીનું રાજય સરકારને અલ્ટિમેટમ આપવામાં આવ્યું છે, આવતીકાલે આ અલ્ટિમેટમનો છેલ્લો દિવસ છે અને જો સરકાર દ્વારા આવતીકાલે કોઇ યોગ્ય હકારાત્મક નિર્ણય નહી લેવાય તો, તા.૧૭મી ઓકટોબરના રોજ ગુજરાત જન અધિકાર મંચના નેજા હેઠળ ગાંધી નગરમાં જન વેદના મહાસંમેલન યોજાશે. જેમાં રાજયભરમાં હજારો બેરોજગાર યુવાનો, આશાવર્કર, આંગણ વાડી બહેનો, ખેડૂતો, કોન્ટ્રાકટ-આઉટસોર્સ કર્મચારીઓ સહિતના લોકો જોડાશે એમ ગુજરાત જન અધિકાર મંચના પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ અને શહેર પ્રમુખ હિતેશ ગુપ્તાએ અત્રે જણાવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

# ભાજપ શાસિત ડીસા નગરપાલિકા દ્વારા થતા વિકાસ કામોને લઈ શહેરની અમૃત સિટી તરફ આગેકુચ

### ૪૫૦ એકરમાં શહેરમાં પ્રથમવાર ટાઉનપ્લાનિંગ થશે : નયનરમ્ય તળાવો અને બગીચાઓ આકાર પામશે

ડીસા

ડીસા નગરપાલિકામાં છેલ્લા બે વર્ષ ભાજપા દ્વારા નગરપાલિકાનો વહીવટ થઈ રહ્યો છે. ડિસેમ્બર ૨૦૧૫ માં ડીસા નગરપાલિકાનું સુકાન ભાજપાના પ્રવિણભાઈ માળી પાસે આવ્યું છે. ત્યારથી શહેરમાં સતત વિકાસ કામોની વણઝાર શરૂ થવા પામી છે. ૨૦૧૪ માં કેન્દ્રમાં ભાજપાની બહુમતિવાળી નરેન્દ્ર મોદીની સરકાર આવ્યા બાદ સર્વાંગીણ વિકાસ ક્ષેત્રે નીતનવા નિર્ણયો લેવાઈ રહ્યા છે. જેમાં ભારતના ૧૦૦ શહેરોની સ્માર્ટ સિટી બનાવવાનો નિર્ણય લેવાયો છે. તેમજ નાના અને મધ્યમ કદના શહેરોને અમૃત સિટી તરીકે વિકસાવવાનો પ્રોજેક્ટ હાથ ધરાયો છે.

આ પ્રોજેક્ટ અંતર્ગત ડીસા શહેરની પણ અમૃત સિટીમાં પસંદગી થઈ છે. અને કરોડો રૂપિયાના વિકાસકામો રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ડીસામાં શરૂ થવા પામ્યા છે. તેમાં મુખ્યત્વે સ્વચ્છ ડીસાના આયોજન માટે ભુગર્ભ ગટર યોજનાની શરૂઆત કરવામાં આવી છે. જેના પ્રથમ ભાગમાં શહેરના ૬૦ % વિસ્તારને ભુગર્ભ ગટરથી જોડી દેવામાં આવ્યો છે અને આવનારા બે માસમાં આ ભુગર્ભ ગટર ચાલુ પણ થઈ જશે. જ્યારે તેના બીજા ભાગમાં લગભગ ૩૦ કરોડના ખર્ચે બાકી રહેતા ૪૦



% વિસ્તારને પણ આવરી લઈ અને આવનારા છ માસમાં એ કામ પણ પૂર્ણ થઈ જશે. જેથી સંપૂર્ણ શહેર ભુગર્ભ ગટરથી જોડાઈ જશે. અન્ય મહત્વકાંક્ષી પ્રોજેક્ટમાં ડીસા શહેરી વિસ્તારનું ૪૫૦ એકરમાં પ્રથમવાર ટાઉનપ્લાનિંગ કરવામાં આવશે. જેની પ્રક્રિયા આવનારા ત્રણ માસમાં શરૂ કરી દેવામાં આવશે. આ પ્રોજેક્ટ ગુજરાતમાં ઉંઝા બાદ ડીસા નગરપાલિકા વિસ્તારમાં માત્ર બીજી જ નગરપાલિકા તરીકે હાથ ધરવામાં આવશે.



ડીસા નગરપાલિકાના ઉત્સાહી અને નવયુવાન પ્રમુખ પ્રવિણભાઈ માળીના શાસન કાળમાં સમગ્ર શહેર ૬૦૦૦ ઉપરાંત એલઈડી લાઈટોથી ઝગમગી રહ્યું છે. શહેરમાં ૧૬૦ થી વધુ સી.સી. રોડ બન્યા છે, જેની લંબાઈ અંદાજે ૩૦ કિલોમીટરથી વધુ થવા જાય છે. જ્યારે શહેરના મુખ્ય ડામર રોડમાં પંદર કિલોમીટરથી વધુ લંબાઈનું કામ થવા પામ્યું છે અને આવનારા ચાર માસમાં ૧૭ કરોડથી વધુના ખર્ચે લગભગ ૧૫૦ થી વધુ રોડ બનવાના છે. જેનું ખાતમુહુર્ત રાજયના મુખ્યમંત્રીના હસ્તે થઈ ગયું છે. શહેરમાં નિયમિત અને પુરતા માત્રામાં પાણી મળી રહે તે માટે ૨૦ કરોડથી વધુના ખર્ચે પાણીની પાઈપલાઈનો, ટાંકીઓ, બોર તથા પ્રેશર સિસ્ટમ લગાવવામાં આવી છે.જેમાં આઠ જેટલી વિશાળ ક્ષમતાવાળી ટાંકીઓ બનાવવામાં આવી છે અને આવનારા સમયમાં શહેરને ક્ષારમુક્ત અને બૅક્ટેરિયા ફ્રી પાણી મળશે. શહેરમાં અર્બન ટ્રાન્સપોર્ટ યોજના હેઠળ અમૃત સિટી અંતર્ગત સાડા પાંચ કરોડના ખર્ચે વિવિધ વિસ્તારોમાં ફુટપાથ બનશે. જેથી ચાલીને જનારા શહેરીજનોની સુખાકારીમાં વધારો થશે. અન્ય એક પ્રોજેક્ટ અંતર્ગત શહેરમાં તળાવ બનાવવાની જરૂરિયાતના ભાગરૂપે સંતઅન્ના સ્કુલની બાજુના વ્હોળાવાળા વિસ્તારમાં ૧૫ કરોડ ઉપરાંતના ખર્ચે યોજના આકાર પામી રહી છે. જેનું પ્રથમ ભાગનું કામ પાંચ કરોડના ખર્ચે ટુંક સમયમાં શરૂ થશે અને જેનું લોકાર્પણ રાજયના મુખ્યમંત્રી કરી દીધેલ છે. શહેરી આવાસ યોજના અંતર્ગત ૯૫૦ થી વધુ મકાનો બનાવવાની યોજનાના પ્રથમ ભાગમાં ૧૫૦ ઉપરાંત પરિવારોને મકાનો ફાળવાઈ ગયા છે અને આવનારા સમયમાં બાકી રહેતા તમામ પરિવારોને મકાન ફાળવાઈ જશે. શહેરની મુખ્ય સમસ્યા ઘન કચરાના નિકાલની છે. જેના માટે અત્યાર સુધી રાજયની માત્ર બે મહાનગરપાલિકાઓ

અનુસંધાન પાના નં.૬



ડીસા શહેરી વિસ્તારના સર્વાંગીણ વિકાસની નેમ સાથે શાસનમાં આવેલી ભાજપાની ટીમે શહેરને ચોતરફી વિકાસમાં આગેકુચ કરાવી છે. જેનો ફાયદો આવનારી વિધાનસભાની ચૂંટણીમાં મળશે અને ભાજપાના ઉમેદવાર ડીસા શહેરમાંથી ૩૦ હજાર ઉપરાંત મતોથી જીતશે.

- પ્રવીણભાઈ માળી
પ્રમુખ, ડીસા નગરપાલિકા



ડીસા નગરપાલિકાની ભાજપાની ટીમ દ્વારા છેલ્લા બે વર્ષમાં જે વિકાસ થયો છે તે આજ સુધીના ઈતિહાસમાં કયારેય જોવા મળ્યો નથી આ બાબતનું સંપુર્ણ શ્રેય નગરપાલિકાના પદાધિકારીઓ અને કર્મચારીગણ તેમજ વિકાસ કામો કરતી કોન્ટ્રાકટર એજન્સીઓને જાય છે. અત્યાર સુધીના નગરપાલિકાના વહીવટમાં ચાલુ ટીમે ખુબજ પારદર્શક વહીવટ આપ્યો છે. જેના કારણે ચો તરફ આટલા વિકાસ કામો શક્ય બન્યા છે.

-નિલેશભાઈ ઠક્કર
શાસકપક્ષના નેતા, ડીસા નગરપાલિકા,ડીરેકટર, ડીસા એપીએમસી

### ડીસા નગરપાલિકાનો નવતર અભિગમ

## દિવાળીમાં સ્વચ્છતા આકર્ષક ઘર સજાવટ અને ઘરને રોશનીથી શણગારનાર રહીશોને પુરસ્કાર અપાશે

ડીસા

દિપાવલીના તહેવારને લઈ દરેક લોકો નવી ખરીદીની સાથે પોતાના ઘરની સાફ સફાઈ અને સજાવટ કરતા હોય છે ત્યારે ઘરથી લઈ શેરીઓ અને શેરીઓથી લઈ સમગ્ર શહેર સ્વચ્છ બને તે માટે ડીસા નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ માળીએ એક નવતર પહેલ કરી છે. દિવાળીના તહેવારોમાં જે વ્યક્તિ પોતાના મકાન, આંગણું અને શેરી સ્વચ્છ રાખેલ હશે અને કચરો કચરાપેટીમાં નાખી નિકાલ કરતા હશે તેમજ દિવાળીમાં ભારતીય બનાવટની સામગ્રી કે દિવડાથી ઘરની સજાવટ અને રોશનીથી શણગારેલ હશે તથા ઘરના આંગણે આકર્ષક રંગોળી કરેલ હશે તેવા વિજેતા વ્યક્તિઓને પાલિકા દ્વારા દિવાળી પુરસ્કાર આપી બિરદાવવામાં આવશે. જેમાં ભાગ લેવા ઈચ્છતા લોકોને તેમના નામ સરનામા અને સંપર્ક નંબર ડીસા નગરપાલિકાને મોકલી આપવા જણાવાયું છે.



ડીસામાં છેલ્લા બે વર્ષમાં બનેલ તમામ રોડ ઉત્તમ ગુણવત્તાના છે ચાલુ સાલે ડીસામાં સિઝનનો કુલ ૪૦ ઈંચથી વધુ વરસાદ થવા છતા તમામ રોડ સહીસલામત છે. છેલ્લા બે વર્ષમાં ભાજપના સાસનમાં ઝડપથી શહેરનું નવિનીકરણ થઈ રહ્યું છે. ભાજપાની ચાલુ શાસક ટીમ અને નગરપાલિકા કર્મચારીગણના સહકારથી આ કાર્ય શક્ય બન્યું છે.

- જુગલભાઈ અગ્રવાલ (જે.આર.અગ્રવાલ ઈન્ફ્રાકોન)

ડીસા નગરપાલિકાના ભાજપના બે વર્ષના શાસનમાં વિવિધ ક્ષેત્રે વિકાસ થયો છે. જેમાં શહેરના પછાત વિસ્તારો જે વર્ષોથી પ્રાથમિ સુવિધાથી વંચિત હતા ત્યા રોડ, સ્ટ્રીટ લાઈટ તેમજ અન્ય પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ છે અને શહેર સુધારણા સમિતિએ પણ છેલ્લા બે વર્ષમાં પારદર્શક વહીવટ આપીને દાખલો બેસાડ્યો છે.

-કાંન્તિભાઈ સોની (ચેરમેન, શહેર સુધારણા સમિતિ)

### શહેરીજનોને ક્ષારમુક્ત અને બેક્ટેરિયા ફ્રી પીવાનું પાણી મળશે

શહેરમાં નિયમિત અને પુરતી માત્રામાં પાણી મળી રહે તે માટે ૨૦ કરોડથી વધુના ખર્ચે પાણીની પાઈપલાઈનો, ટાંકીઓ, બોર તથા પ્રેશર સિસ્ટમ લગાવવામાં આવી છે. જેમાં આઠ જેટલી વિશાળ ક્ષમતાવાળી ટાંકીઓ બનાવવામાં આવી છે અને આવનારા સમયમાં શહેરને ક્ષારમુક્ત અને બેક્ટેરિયા ફ્રી પાણી મળશે.

### શહેરમાં સાડા પાંચ કરોડના ખર્ચે ફુટપાથ બનશે

શહેરમાં અર્બન ટ્રાન્સપોર્ટ યોજના હેઠળ અમૃત સિટી અંતર્ગત સાડા પાંચ કરોડના ખર્ચે વિવિધ વિસ્તારોમાં ફુટપાથ બનશે. જેથી ચાલીને જનારા શહેરીજનોની સુખાકારીમાં વધારો થશે.

### શહેરના તમામ ઘર અને દુકાનોને ડિજિટલ ઓળખ મળશે

સમગ્ર દેશમાં વહીવટી કામગીરી હવે ઈલેક્ટ્રોનિક અને ડિજિટલ પધ્ધતિથી થઈ રહી છે. ત્યારે ડીસા શહેરમાં પણ દરેક ઘર અને દુકાનને ડિજિટલ ઓળખ મળશે. જેમાં આધુનિકરણના યુગમાં શહેરના તમામ ઘર અને દુકાનોને ડિજિટલ હાઉસીંગ આઈડેન્ટિફિકેશન સિસ્ટમથી જોડી દેવામાં આવશે, જેમાં ઘરની આગળ એક ડિજિટલ પ્લેટ લગાવવામાં આવશે. જેનાથી તેના નગરપાલિકા સાથેના તમામ વ્યવહારોની જાણકારી મળશે અને શહેરીજનોને પોતાના ઘરનું ડિજિટલ સરનામું મળશે.

### ગટર, રસ્તા અને પાણીની પાયાની સુવિધાઓ સાથે પ્રજાને ઘરનું ઘર ઉપલબ્ધ થશે

## સૂર્યોદય - ૬.૩૯ સૂર્યાસ્ત - ૬.૧૩

## તિથિદર્શન

આસો વદ-૧૨ સોમવાર ૨૦૭૩

૭ ગુ. | ૫ મં.લુ. શુ. | ૬ સુ.લ.બુ. | શ.૮ | ૪ રા. | ૯ | ૩ ચં. | ૧૦ કે. | ૧૨ | ૨ | ૧૧ | ૧

વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ આસો વદ : બારસ સોમવાર નક્ષત્ર:મઘા સવારે ૬.૦૭ પછી પૂર્વ ફાલ્ગુની યોગ :શુભ કરણ:બવ આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ.ટ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જ્યોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

### દૈવે વિમુખતાં યા તે ન કોઅપ્યસ્તિ સહાયવાન માતા પિતા તથા ભાર્યા ભ્રાતા બાથ સહોદરઃ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય ‘નસીબનો મહિમા’નો આ શ્લોક છેઃ-

‘માતા, પિતા, કુટુંબીજનો કે ભાઈ આ બધા હોવા છતાં જો નસીબ અવળું હોય તો કોઈ સહાયક બનતું નથી.’

માણસે જે અને જેવાં કર્મ કર્યાં હોય તેવાં ફળ ‘નસીબ’સ્વરૂપે ભોગવવાનાં આવે જ છે. પુત્રો-પુત્રી- જમાઈઓ હોય પણ નસીબ જો વાંકાં હોય તો ‘ગુના’માં આવી જાય અને એની સજા માત્ર ‘એકલા’ને ભોગવવી પડે છે. દા.ત., અમિત શાહ પ્રધાન હતા. જમણા હાથ હતા. કેટલાયની જીવાદોરી તેમના હાથમાં હતી. છતાં આજે એ એકલા પોતાના ઘર- શેરી- જિલ્લા રાજ્યમાં પ્રવેશ પણ નથી કરી શકતા. એમને ‘એકલા’ જ ‘રાજ્યવટો’ ભોગવવો પડે છે. આને કહેવાય નસીબ.

આજે અબજોપતિ ‘રાજાઓ’ પ્રધાનશ્રીઓ બુટલેગરો- ગેંગાધિપતિઓ- પોલીસ અધિકારીઓ જે ધારે તે કરી શકે એવા મહાનભાવો ‘કોટડી’માં નથી પુરાયા?

એમનો પરિવાર- મિત્રો- સત્તાધીશો એમની શી સહાય કરી શકે છે?

## અમરાવતી નદીમાં રાસાયણિક પાણી ઠલવતા જળચરોનાં મોત

અંકલેશ્વર

તારીખ ૧૩મી ઓકટોબરના રોજ અંકલેશ્વર તાલુકાના સારાંગપુર અને ઉછાલી ખાતે ગુમાનદેવ ફાટક પાસે અમરાવતી નદીમાં રાસાયણિક પાણીના નિકાલના કારણે પક્ષીઓના મોત થયાં હતા. જેથી લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. આ બનાવની જાણ થતાં જીપીસીબીની ટીમે આવીને મૃત માછલાં તેમજ નદીમાં રહેલ કેમીકલયુક્ત પાણીનાં નમૂના લીધા હતા અને રાસાયણિક પાણી કઈ દિશામાંથી આવ્યું હતું તેની પણ તપાસ હાથ ધરી છે. સારાંગપુરના જયંતીભાઈ વસાવાએ કહ્યું હતું કે, જે અસંખ્ય માછલાના મોત નીપજ્યા છે તેના માટે જવાબદાર સામે પગલાં લેવામાં આવશે કોઈ ઉદ્યોગ દ્વારા પાણી છોડવામાં આવ્યું છે કે કોઈ નદીમાં ઠાલવી ગયું હોઈ શકે છે.

## આજનો દિન મહાન - યશવંત કડીકર

સ્વતંત્ર ઈઝરાયેલના પ્રથમ વડા પ્રધાન, મહાન વિચારક, ચાણકયબૃદ્ધિ રાજપુરૂષ અને આધુનિક ઈઝરાયેલના ઘડવેયા શ્રી ડેવિડ બેન-ગુરિયનની જન્મજયંતિ છે.

એમનો જન્મ પોલેન્ડમાં પ્લોંસ ખાતે તા. ૧૬-૧૦-૧૮૮૬ના રોજ થયો હતો.

ઈઝરાયેલનસ મુક્તિ ચળવળ દરમિયાન અને પાછળથી ઈઝરાયેલના વડા તરીકે તેમણે વિશ્વના અનેક દેશોનો પ્રવાસ કરીને ગજબની લોકચાહના પ્રાપ્ત કરી.

કેવળ ઈઝરાયેલના જ નહી, જગતના ઈતિહાસમાં માતૃભુમિની મુક્તિ કાજે ઝઝુમનાર જિંદાદીલ માનવીઓમાં એમનું નામ અવિસ્મરણીય રહેશે. તા. ૧-૧૨-૧૯૭૩ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**

**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪

મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા

અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,

પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001:2008 CERTIFIED

ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટ

Stock Market Trend

RNI No. : GUJGUJ / 2010 / 35414

www.Investmentpoint.in

+91 99793 80808

## નિફ્ટી ફ્યુચર ૧૦૪૭૦ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ...!!!

**તા ૧૩.૧૦.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ (૧૦૧૯૪) :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૩૦૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૪૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૦૭૩ પોઈન્ટ થી ૯૯૭૩ પોઈન્ટ, ૯૯૩૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૪૭૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!**

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) કોટક બેન્ક (૧૦૮૨) :- બેન્ક ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૦૬૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૦૩૦ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૧૦૩ થી રૂ.૧૧૧૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૧૨૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**૨) ઈન્ફોસિસ (૯૩૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૯૧૮ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૯૦૬ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૯૪૮ થી રૂ.૯૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**૩) રિલાયન્સ ઇન્ડ. (૮૮૦) :- રૂ.૮૪૪ પ્રથમ તેમજ રૂ.૮૩૦ ના બીજા સપોર્ટથી રિફાઇનરી સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૯૦૩ થી રૂ.૯૨૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**૪) બાટા ઇન્ડિયા (૭૮૮) :- ફૂટવેર સેક્ટરના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૮૦૩ થી રૂ.૮૧૮ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૭૬૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!**

**૫) ગ્લેનમાર્ક ફાર્મા (૬૦૩) :- રૂ.૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૮૭ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૧૭ થી રૂ.૬૨૬ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!**

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) ઈન્ડસિન્ડ બેન્ક (૧૭૪૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૭૬૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૭૧૭ થી રૂ.૧૭૦૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૭૮૦ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**૨) લાર્સેન (૧૧૪૨) :- રૂ.૧૧૬૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૧૭૪ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૧૧૭ થી રૂ.૧૧૦૯ નો ભાવ દશાવિ તેવી સંભાવના છે....!! રૂ.૧૧૮૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

**૩) HCL ટેકનોલોજી (૯૨૮) :- ટેકનોલૉજી સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૪૯ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ.૯૦૯ થી રૂ.૮૯૭ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!**

**૪) તાતા સ્ટીલ (૭૧૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક રૂ.૭૩૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૬૮૬ થી રૂ.૬૭૩ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૭૪૭ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!**

**૫) રિલાયન્સ કેપિટલ (૫૩૮) :- રૂ.૫૫૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૬૩ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૫૧૩ થી રૂ.૫૦૩ નો ભાવ દશાવિ તેવી સંભાવના છે....!! રૂ.૫૭૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ**

આ સપ્તાહ દરમિયાન મળેલી તકને ઝડપી લેજો. માનસિક ચિંતા હળવી બને. અંગત સમસ્યા હલ કરી શકશો. નાણાંકીય રીતે થોડી મુશ્કેલી સર્જાય. ખોટા રોકાણો ન કરવા હિતાવહ. જમીન-મકાનની ખરીદી થઇ શકે. કાર્યસફળતા માટે કૌટુંબિકકલહ અને વિસંવાદીતતાના પ્રસંગો ટાળજો. કુનેહથી કામ લેવું હિતાવહ. આરોગ્ય જાળવવું.

**વૃષભ**

આ સપ્તાહ દરમિયાન આપને કારણવિનાની બેચેની અને અશાંતિમાંથી દિવસો પસાર કરવા પડે. ઉશ્કેરાટ અને આવેશાત્મક વલણ છોડજો. ધીરજ રાખી શાંતિથી કામ લેવું. ધંધાકીય ક્ષેત્રે પ્રતિકૂળતા જણાય. આવક કરતા ખર્ચ વધી ન જાય તેની તકેદારી રાખવી. નોકરીયાત વર્ગને પણ શાંતિથી રૂટીન કાર્ય કરવું. જોખમો ન લેવા હિતાવહ. દામ્પત્ય જીવનમાં મતભેદો રહ્યા કરે. આરોગ્ય જાળવવું હિતાવહ.

**મિથુન**

આ સમય દરમિયાન માનસિક તંગદિલી અનુભવાય. નાના-મોટા અંતરાયો અને સંઘર્ષોનો સામનો કરવો પડે. ધીરજ રાખવી, સ્વસ્થતા ટકાવી રાખવી. ધંધા-વ્યવસાયના કાર્યમાં વધુ પરિશ્રમે સફળતા મળે. નાણાંકીય તંગદિલી અનુભવાય. ખર્ચ પર કાબુ રાખવો. સંતાનો અંગેની ચિંતા સતાવે.

**કર્ક**

આ સપ્તાહ દરમિયાન આપની આશા અને ઉમંગ વધે. સારી તકો મળે. તક ઝડપી લેવાથી ફાયદો થાય. નોકરીયાતને તેમના પ્રયત્નોનું ફળ મળે. ઉપરી અધિકારી વર્ગથી લાભ થાય. ધંધા-વ્યવસાય અંગેના વિકાસ માટે શુભ સમય. દામ્પત્યજીવનનું વાતાવરણ આનંદમય રહે. સ્નેહિ-સ્વજનોથી લાભ થાય. મહત્વની મુલાકાત ફળદાયી બને.

**સિંહ**

આ સપ્તાહ તમને મિશ્રફળદાયી રહે.મૂડિ રોકાણ કરવામાં સાવધાન રહેજો. ખોટા સાહસ ન કરવા હિતાવહ. ખર્ચા વધે, ધંધા-રોજગાર તેમજ નોકરીમાં આ સમય મિશ્રફળ આપનારું રહે. કોર્ટ-કચેરીને લગતી બાબતોના પ્રશ્નો ઉકેલાય. મકાન-વાહન અંગે સમય હજુ પ્રતિકૂળ છે. વધુ પ્રયત્નો કરવાથી કામ પાર પડે. દામ્પત્ય જીવનમાં સર્જાયેલા મતભેદો દૂર થાય.

**કન્યા**

આ સમય દરમિયાન આપને મનની મુંઝવણ દૂર થાય માટે તમારે પ્રયત્નો વધારવા જરૂરી. નાની-મોટી અડચણો પાર કરી શકશો. આર્થિક મુશ્કેલીઓનો ઉકેલ મળે. લાભની તક ઝડપી લેવી. આવક વધે, જમીન-મકાન-વાહન વગેરેની ખરીદી માટે સાનુકૂળ સમય છે. ધંધા-વ્યવસાયમાં આગળ વધી શકાય. સ્નેહિ-સ્વજનથી મિલન-મુલાકાત થાય.

**તુલા**

આ સપ્તાહ દરમિયાન તમારા અંગત પ્રશ્નોનો ઉકેલ મળે. કૌટુંબિક સમસ્યાઓ હલ થાય. ભાઇ-ભાંડુ અને સગા-સંબંધિઓની મદદ મળે. ધંધા-વ્યવસાય માટે આ સમય સાનુકૂળ રહે તેમજ નોકરીયાત વર્ગ માટે બઢતીના યોગ છે. આકસ્મિક પ્રવાસ-યાત્રા થાય. ગૃહજીવનમાં તકેદારી રાખવી હિતાવહ. પ્રિયજનની તબિયત બગડતા ચિંતા રહે. વડીલોનો સાથ-સહકાર મળે.

**વૃશ્ચિક**

આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અને તંગદિલી રહે. તમારા ધાર્યા કાર્યમાં સફળતા ન મળે. ધીરજ રાખવી હિતાવહ. વેપાર-ધંધાના ક્ષેત્રે પરિસ્થિતિ યથાવત રહે. જેથી ખર્ચ પર કાબુ રાખવો હિતાવહ. વિરોધીઓથી સાવધ રહેવું, કુટુંબ માટે ભોગ આપવો પડે. તેમજ ભાતૃવર્ગથી મતભેદ રહે. પત્નીનો સહકાર મળે. સંતાનથી લાભ થાય. ધીમે-ધીમે પરિસ્થિતિ સુધરે.

**ધન**

આ સમય દરમિયાન અવિચારી કે ઉતાવળીયા નિર્ણયો ન લેવા હિતાવહ. નાણાંકીય મુશ્કેલીઓનો ઉકેલમળે. વ્યવસાયમાં સાનુકૂળતા રહે. અંતરાયો દૂર થાય. મિત્રો, સ્નેહિજનો સાથેનો વિવાદ ટાળવો. દામ્પત્ય જીવનમાં ગેર સમજો ન વધે તેની તકેદારી રાખવી. શારરીક તંદુરસ્તી જાળવવી તેમજ વડીલોની તબિયત સંભાળવી જરૂરી બને.

**મકર**

આ સપ્તાહ દરમિયાન તમારા વણ ઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મળે. નવિન તકો પ્રાપ્ત થાય. વેપાર-ધંધા ક્ષેત્રે વિકાસ થાય. નાણાંકીય સારોએવો લાભ મળે સાથે-સાથે ખર્ચનો પ્રશ્ન બને. નોકરીયાત વર્ગ માટે સારો સમય છે. ગૃહજીવન આનંદદાયી રહે.

**કુંભ**

આ સમય દરમિયાન અગત્યના કામકાજો કરવામાં વિલંબ થાય. માનસિક ચંતિ રહે સાથે-સાથે તેનો ઉકેલ પણ મળે. સ્નેહિથી મિલન-મુલાકાત થાય. આપની જરૂરીયાત મુજબ પૂરતા નાણા માટે સાનુકૂળ સમય કોર્ટ-કચેરીના કાર્યોનું પરીણામ તમારી ફેવરમાં આવે, પ્રવાસ-પર્યટન થાય.

**મીન**

આ સપ્તાહ દરમિયાન માનસિક અસ્વસ્થતા અથવા તો કારણ વિનાની અશાંતિનો અનુભવ થાય તેથી મનને શાંત રાખવા પ્રયત્નો કરવા. ખોટા વિચારો ન કરવા હિતાવહ. નાણાંકીય સ્થિતિ મધ્યમ રહે. ધંધા-વ્યાપાર ક્ષેત્રે આગળ વધવાની તક મળે. આકસ્મિક લાભ થાય. નોકરીયાત વર્ગની સ્થિતિ યથાવત રહે. જીવનસાથીનો સહકાર મળે.

**- કનકચંદ્ર સી. વ્યાસ**

## આજે વાઘ બારસ, શુભ મુહૂર્તમાં કરો ગાયની પૂજા, સંતાન સુખ ઝડપથી થશે પ્રાપ્ત

ગાંધીનગર

સોમવાર અને ૧૬ ઓક્ટોબર ૨૦૧૭ના રોજ ઉજવાશે વાઘ બારસ. આ બારસને ગૌવત્સ દ્વાદશી તરીકે પણ ઊજવવામાં આવે છે. આ દિવસે દેશના કેટલાક રાજ્યોમાં ગાય અને વાછરડાંની પૂજા અને સેવા કરવામાં આવે છે. આ દિવસ ધનતેરસનો આગલો દિવસ હોય છે દિવાળી પહેલા બારસના દિવસે પણ ખાસ પૂજા, વ્રત અને ઉપાય કરવાથી જીવનના તમામ સુખોની પ્રાપ્તિ થાય છે. આ દિવસને સંતાન પ્રાપ્તિના આશીર્વાદ મેળવવા માટે પણ ખાસ માનવામાં આવે છે. નિસંતાન દંપતિને આજના દિવસની પૂજા અર્ચના કરવાથી સંતાન પ્રાપ્તિનું વરદાન મળે છે. આ દિવસે ભોજનમાં ચોખા, ઘઉં અને દૂધ ન લેવા. સવારે સ્નાનાદિ કર્મ કરી ગાય અને વાછરડાની પૂજા કરી તેને પલાળેલી ચણાની દાળ, મગ, મઠ અને બાજરાનો ભોગ ધરાવવો.

જ્યોતિષ શાસ્ત્ર અનુસાર સોમવારે, ૧૬ ઓક્ટોબરે બારસની તિથિ સવારથી સાંજ સુધી રહેશે. સોમવારે ચંદ્ર સિંહ રાશિમાં અને શુક્ર પૂર્વાફાલ્ગુનીમાં રહેવાથી સાંજે ૧૯:૨૫ સુધી રહેશે. વાઘ બારસના દિવસે પ્રદોષનો સમય સાંજે ૧૭:૪૬થી ૨૦:૧૮ સુધી રહેશે. જો ગૌધૂલિના સમયે ગાય પૂજન કરવું હોય તો તેનો સમયે સાંજે ૬:૨૫ થી ૧૯:૨૫ સુધી રહેશે.

## જીએસટીને લઇને કારોબારીની ચિંતા તરફ ધ્યાન અપાશે

નવીદિલ્હી

હિમાચલ પ્રદેશ અને ગુ-જરાતમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીને લઈને તમામ પક્ષો વ્યસ્ત છે ત્યારે ભાજપને નોટબંધી અને જીએસટીને લઈને કારોબારીઓમાં રહેલી ચિંતાનો મુદ્દો સતાવી રહ્યો છે. જીએસટીને લઈને કારોબારીઓની સમસ્યાને જાણવા અને તેમને તરત ઉકેલવાના પ્રયાસો પણ મોટાપાયે હાથ ધરવામાં આવનાર છે. ભાજપના નેતૃત્વમાં રહેલા લોકો કારોબારીઓને જેસટીના કારણે થઇ રહેલી તકલીફથી ચિંતાતુર છે. હિમાચલ અને ગુજરાત ચૂંટણીને ધ્યાનમાં લઈને પાર્ટીને લાગી રહ્યું છે કે, કારોબારીઓની નારાજગીથી તેમને રાજકીય નુકસાન થઇ શકે છે. આજ કારણસર ભાજપે આ કારોબારીઓની નારાજગી દૂર કરવા માટે કાર્યક્રમો તૈયાર કર્યા છે. હવે કેન્દ્રીય મંત્રી સહિત ભાજપના તમામ સાંસદ તેમની સાથે વાતચીત કરશે અને જીએસટી ઉપર તેમની સમસ્યા સાંભળીને રિપોર્ટ તૈયાર કરશે. ત્યારબાદ નાણામંત્રાલયને સોંપવામાં આવશે. આ રિપોર્ટ ઉપર નાણામંત્રાલય તરત કાર્યવાહી કરશે. જીએસટી કાઉન્સિલ મારફતે તેમની સમસ્યાઓને ઉકેલવામાં આવશે. નાણામંત્રાલયના સુત્રોના કહેવા મુજબ આ સંદર્ભમાં કાર્યક્રમ તૈયારી કરી લેવામાં આવ્યો છે. ટૂંકમાં જ આને અમલી બનાવી દેવામાં આવશે. કેન્દ્ર સરકારના કેટલાક સિનિયર મંત્રીઓ અને ભાજપના વરિષ્ઠ નેતાઓએ મોદી અને જેટલીને કહી દીધું છે કે, નોટબંધી બાદ જે રીતે જીએસટીને અમલી કરવામાં ઉતાવળ કરવામાં આવી તેનાથી કારોબારી નાખુશ છે. નાના અને મધ્યમ સ્તરના કારોબારીઓને રિટર્ન ભરવાથી લઈને ચીજવસ્તુ ખરીદવા અને તેને વેચવામાં અનેક પ્રકારની સમસ્યાઓ નડી રહી છે. આવી સ્થિતિમાં કારોબારીઓની વચ્ચે જઇને સીધી વાતચીત કરી શકાય છે.

## કોંગ્રેસ માટે બેવડી રાહત : કેરળ તેમજ ગુરદાસપુરમાં મોટી જીત

ગુરદાસપુર

ભાજપ અને કોંગ્રેસ વચ્ચે પ્રતિષ્ઠા સમાન બની ગયેલી પંજાબની ગુરદાસપુર લોકસભા સીટ ઉપર પેટાચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર સુનિલ જાખડે આશરે બે લાખ મતથી ભાજપ અને શિરોમણી અકાળીદળ ગઠબંધનના ઉમેદવાર સવર્ણ સલારિયાને હાર આપી છે. સુનિલ જાખડ આજે સવારે મતગણતરીની પ્રક્રિયા શરૂ થયા બાદથી જ આગળ ચાલી રહ્યા હતા અને છેલ્લે સુધી આગળ રહ્યા હતા. આ જીતને કોંગ્રેસ ખુબ મહત્વપૂર્ણ ગણી રહી છે. છેલ્લા તબક્કા સુધી ઉમેદવારો વચ્ચે મતનું અંતર ખુબ વધારે રહ્યું હતું. આમ આદમી પાર્ટીના ઉમેદવારને ત્રીજા સ્થાને રહેવાની ફરજ પડી હતી. ગુરદાસપુરમાંથી હારવાથી ભાજપને ફટકો પડ્યો છે. કારણ કે, અભિનેતા વિનોદ ખન્નાની આ સીટ પાર્ટી માટે ગઢ સમાન હતી. આ જીત બાદ સુનિલ જાખડે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી સરકારની નીતિની સામે લોકોએ આ ચુકાદો આપ્યો છે. બીજી બાજુ કેરળમાં પણ કોંગ્રેસની જીત થઇ છે. રાજ્યની વેંગારા વિધાનસભા સીટ પર યોજાયેલી પેટાચૂંટણીમાં સત્તારુઢ એલડીએફને હારનો સામનો કરવો પડ્યો છે. અહીં કોંગ્રેસના નેતૃત્વવાળા યુડીએફના ઉમેદવાર કેએનએ ખાદેરની જીત થઇ છે.

## સોમાલિયામાં બે બ્લાસ્ટમાં ૧૮૯ મોત : ૨૦૦ ઘાયલ

મોગાદિશુ

સોમાલિયાના પાટનગર મોગાદિશુમાં આજે કરવામાં આવેલા પ્રચંડ બ્લાસ્ટમાં મોતનો આંકડો વધીને ૧૮૯ ઉપર પહોંચી ગયો છે. હજુ પણ અનેક લોકો ઘાયલ છે. સોમાલિયાના પાટનગરમાં સૌથી શક્તિશાળી બ્લાસ્ટ તરીકે આને ગણવામાં આવે છે. વર્ષ ૨૦૦૭માં અહીં ત્રાસવાદી ઘટનાઓની શરૂઆત થયા બાદથી હજુ સુધીના સૌથી મોટા અને વિનાશક હુમલા તરીકે આને ગણવામાં આવે છે. કે-૫ ઈન્ટર સેક્શન પર એક હોટલની બહાર બ્લાસ્ટ કરવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં સરકારી ઓફિસો, રેસ્ટોરન્ટ, ટેલિફોન બૂથ અને અનેક ઈમારતો આવેલી છે. બ્લાસ્ટના કારણે વિસ્તારમાં અનેક વાહનોમાં આગ ફાટી નિકળી હતી. બે કલાક બાદ મેદિના જિલ્લામાં વધુ એક બ્લાસ્ટ થયો હતો. પોલીસના કહેવા મુજબ આ બેવડા બ્લાસ્ટમાં મોતનો આંકડો ૧૮૯ ઉપર પહોંચી ગયો છે. ઘાયલ થયેલાઓની સંખ્યા ૨૦૦થી પણ વધુ આંકવામાં આવી છે. આ ઘટનાની જવાબદારી હજુ સુધી કોઇપણ સંગઠને સ્વિકારી નથી પરંતુ રક્તરંજિત સોમાલિયાના ઈતિહાસમાં આ પ્રકારના બ્લાસ્ટને અલકાયદા સાથે જોડાયેલા અલ સબાબ સંગઠન દ્વારા અંજામ આપવામાં આવ્યા છે. આ સંગઠન સંયુક્ત રાષ્ટ્ર સમર્પિત સરકાર અને આફ્રિકી યુનિયનના સાથીઓની સામે યુદ્ધ છેડવામાં આવેલો છે. બળવો કરીને સત્તા પોતાના હાથમાં લેવાની પણ તેની યોજના રહેલી છે. આ સંગઠનનું મોગાદિશુ ઉપર અંકુશ હતું પરંતુ દબાણના કારણે ૨૦૧૧માં તેને કબજાને છોડી દેવાની ફરજ પડી હતી. ઘાયલ થયેલા ૨૦૦ પૈકી અનેકની હાલત ગંભીર છે. અનેક લોકો ખરાબરીતે દાઝી ગયા છે. મોતનો આંકડો વધી શકે છે.

<u>ડોકલામ મુદ્દે આક્રમક પ્રતિક્રિયા</u>

## ચીનને હવે ભારતની તાકાત સમજાઈ ગઈ છે : રાજનાથ

### બંને દેશ વચ્ચે હવે કોઈ વિવાદ હોવાનો ઈન્કાર

લખનૌ

કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, ચીનના ડોકલામ વિવાદ દરમિયાન પડોશી દેશ ભારતની તાકાતને સમજી ગયું છે અને હવે બંને દેશો વચ્ચે કોઇપણ વિવાદ નથી. પોતાના સંસદીય ક્ષેત્ર લખનૌના પ્રવાસે આવેલા રાજનાથસિંહે કહ્યું હતું કે, ચીનની સાથે અમારા વિવાદને ઉકેલી લેવામાં આવ્યો છે. ચીનને ભારતની તાકાત હવે સમજાઈ ગઈ છે. અત્રે નોંધનીય છે કે, હાલમા ં જ સિક્કિમ સેક્ટરમાં ભારત અને ચીનના સૈનિકોમાં બે મહિના સુધી સામ સામે ખેંચતાણની સ્થિતિ રહી હતી. ભારતના જિદ્દી વલણ બાદ આખરે ચીનને પીછેહઠ કરવાની ફરજ પડી હતી. તેમણે એમ પણ કહ્યું હતું કે, પાકિસ્તાન ભારતીય સરહદમાં ત્રાસવાદીઓને મોકલીને અસ્થિરતા ફેલાવવાના પ્રયાસમાં છે પરંતુ પાકિસ્તાનને સતત બોધપાઠ ભણાવવામાં આવી રહ્યો છે. દરરોજ પાકિસ્તાનના ૫-૬ ત્રાસવાદીઓ ઠાર થઇ રહ્યા છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, ભારત હવે નબળા દેશ તરીકે નથી. વડાપ્રધાન મોદીની પ્રશંસા કરતા રાજનાથસિંહે કહ્યું હતું કે, ભારતમાં પહેલા એવા વડાપ્રધાન હવે આવ્યા છે જે વડાપ્રધાને એ નિર્ણય કર્યો છે કે, મોટી મોટી બેંકોના દરવાજા પર એન્ટ્રી કરવાના અને પ્રવેશ કરવાના અધિકાર માત્ર તાતા, બિરલા અને અંબાણીને જ નથી બલ્કે દેશના ગરીબ લોકોને પણ છે. રાજનાથસિંહે કહ્યું હતું કે, ૨૦૨૨ સુધી ભારતમાંથી ગરીબીને સંપૂર્ણપણે નાબૂદ કરવાની યોજના તૈયાર કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર આ દિશામાં કામ પણ કરી રહી છે. ડોકલામ મુદ્દા ઉપર રાજનાથસિંહની આ પ્રતિક્રિયાને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે, ચીન સાથે હાલમાં જ વિવાદનો ઉકેલ આવ્યો છે.

## એશિયા કપ હોકી : પાક પર ભારતની ૩-૧થી જીત

ઢાકા

એશિયા કપ હોકીની પુલએની મેચમાં ભારતે આજે પાકિસ્તાન ઉપર ૩-૧થી જીત મેળવી હતી. આજે ૧૦મી એશિયન હોકી સ્પર્ધાની મેચમાં ભારતીય ખેલાડીઓ છવાયેલા રહ્યા હતા. જાપાન ઉપર ૫-૧ અને યજમાન બાંગ્લાદેશ ઉપર જીત મેળવ્યા બાદ એમ માનવામાં આવી રહ્યું હતું કે, પાકિસ્તાન સામેની મેચ મુશ્કેલરુપ રહેશે પરંતુ ભારતે પાકિસ્તાન સામે પણ જોરદાર દેખાવ કર્યો હતો અને પ્રભુત્વ જાળવી રાખ્યું હતું. ભારતે એશિયા કપ હોકી સ્પર્ધામાં પોતાની તમામ ત્રણેય મેચોમાં જીત મેળવીને શાનદાર જીતનો રેકોર્ડ જાળવી રાખ્યો છે. ભારતે આજે રમાયેલી મેચમાં તમામ ક્ષેત્રોમાં ધરખમ દેખાવ કર્યો હતો. ભારત તરફથી સી સિંહે ૧૭મી મિનિટમાં, રમણદીપસિંહે ૪૪મી મિનિટમાં અને હરમનપ્રીતસિંહે ૪૫મી મિનિટમાં ગોલ કર્યા હતા. જ્યારે પાકિસ્તાન તરફથી એકમાત્ર ગોલ ૪૯મી મિનિટમાં અલી શાન દ્વારા કરવામાં આવ્યો હતો. આ જીતની સાથે જ ભારત નવ પોઈન્ટ સાથે પુલએમાં પ્રથમ સ્થાન ઉપર છે. જ્યારે પાકિસ્તાન ચાર પોઈન્ટ સાથે બીજા સ્થાન પર છે. ભારત અને પાકિસ્તાન બંને ટુર્નામેન્ટના રાઉન્ડ રોબીન સુપર ૪ તબક્કામાં આગેકૂચ કરી લીધી છે. જાપાને યજમાન બાંગ્લાદેશ ઉપર ૩-૧થી જીત મેળવી હોવા છતાં જાપાન આગામી તબક્કામાં પહોંચી શક્યું નથી. કારણ કે તેની ગોલ અંતરના આધારે પાકિસ્તાન સામે હાર થઇ હતી. પાકિસ્તાનને આજે સારી તક મળી હતી. ભારતે શરૂઆતથી જ જોરદાર રમત રમી હતી. તમામ પરિસ્થિતિનો લાભ ઉઠાવ્યો હતો. પાકિસ્તાનને પણ પેનલ્ટી કોર્નરની તક મળી હતી પરંતુ યુવા ભારતીય ગોલકીપર સુરજ કરકેરાએ પાકિસ્તાનને તક આપી ન હતી. ખુબ જ નજીકના રેંજથી પાકિસ્તાનના આતીકના શોર્ટને રોકવામાં તેણે સફળતા મેળવી હતી. ભારતે પ્રથમ પેનલ્ટી કોર્નર મેળવ્યો હતો.

## દિવાળીના શુભ મુહૂર્તો

<u>ધનતેરસ-ધનવંતરી-કુબેરપુજા</u>

આસો વદ-૧૩ તા.૧૭-૧૦-૧૭ મંગળવાર, સવારે ૮.૩૫ થી ૧.૫૫, બપોરે ૩.૧ ૫ થી ૬.૪૫, સાંજે ૭.૩૫ થી ૯.૦૫,રાત્રે ૧૦.૫૫ થી ૩.૩૦.

સોના ચાંદી શુભરત્નો, ચોપડા ખરીદવા માટે ઉત્તમ દિવસ, ધનપુજન, શ્રીયંત્ર, કુબેર યંત્ર, મહામૃત્યુંજય યંત્રની પૂજા શ્રેષ્ઠ છે. મહાલક્ષ્મી પૂજન માટે શ્રેષ્ઠ દિવસ છે.

<u>કાળી ચૌદશ હનુમાનપૂજા-ભૈરવપુજા</u>

આસો વદ-૧૪ તા.૧૮-૧૦-૧૭ બુધવર

સવારે ૭.૩૫ થી ૯.૨૫, બપોરે ૧૧.૦૫ થી ૧૨.૩૫,બપોરે ૩.૧૫ થી ૬.૧૧, સાંજે ૭.૩૫ થી ૧૨.૨૫.

હનુમાન ઉપાસના-ભૈરવ ઉપાસના-તાંત્રિક ઉપાસના મશીનરી યંત્ર પૂજા માટે સિદ્ધપદ દિવસ છે. મહાકાળી પૂજન માટે શ્રેષ્ઠ દિવસ છે.

<u>દિપાવલી-લક્ષ્મીપુજન-શારદાપૂજન-ચોપડા પૂજન</u>

આસો વદ-૩૦ તા.૧૯-૧૦-૧૭ ગુરૂવાર હસ્ત, ચિત્રા નક્ષત્ર હસ્તયોગ.

શુભમુહુર્તોનો સમય સવારે ૬.૪૫ થી ૮.૨૫, સવારે ૮.૫૧ થી ૧૧.૦૫,બપોરે ૧૧.૦૫ થી ૧. ૧૦, સાંજે ૪.૩૫ થી ૯.૨૫, મધ્યરાત્રે ૧૨.૨૦ થી ૧.૫૫, ૨.૦૫ થી ૪.૧૫, બ્રહ્મમુહુર્ત ૪.૧૫ થી ૬.૪૦.

ચોપડાપુજન-કોમ્પ્યુટર, લેપટોપ વગેરેનું પૂજન થાય તેમજ સિદ્ધયંત્રની પૂજા કરવી ઉત્તમ છે. વિદ્યાર્થીઓએ સરસ્વતી ઉપાસના કે પૂજા કરવી, મહા સરસ્વતી પૂજન માટે શ્રેષ્ઠ દિવસ છે.

<u>નૂતન વર્ષ-બેસતું વર્ષ</u>

સંવત ૨૦૭૪ માં વેપાર-દુકાન-પેઢી શરૂ કરવાનું મુહૂર્ત, કારતક સુદ-૧ તા.૨૦-૧૦-૧૭ શુક્રવાર

સવારે ૬.૪૦ થી ૧૧.૦૫ (ચોઘડીયા : ચલ, લાભ, અમૃત)

હોરા : શુક્ર, બુધ, ચંદ્ર, ગુરૂ.

બપોરે ૧૨.૦૫ થી ૧.૦૫ વિજય અભિજીત મુહૂર્ત શુભ ચોઘડીયું.

<u>લાભપાંચમ-જ્ઞાનપંચમી-સૌભાગ્યપંચમી</u>

સંવત ૨૦૭૪ માં વેપાર-દુકાન-પેઢી શરૂ કરવાનું મુહૂર્ત

કારતક સુદ-૫ તા.૨૫-૧૦-૨૦૧૭ બુધવાર

સવારે ૬.૪૧ થી ૯.૩૫ (લાભ, અમૃત)

સવારે ૧૦.૫૫ થી ૧૨.૨૫ (શુભ)

**- શાસ્ત્રી કલ્પેશકુમાર ત્રિવેદી, ડીસા**

# પાંથાવાડા હાઈવે ઉપરથી છોટા હાથી ગાડીમાંથી વિદેશી દારૂ ઝડપાયો

## રૂા. ૨,૭૧,૪૦૦/- નો મુદ્દામાલ જપ્ત


દિનેશ ત્રિવેદી

પ્રતિનિધિ પાંથાવાડા

જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજર તથા નાયબ પોલીસ અધિક્ષક થરાદ તથા સર્કલ પો.ઈન્સ. થરાદએ દારૂના વેચાણ અને હેરાફેરીને સંપૂર્ણ રીતે નેસ્ત નાબુદ કરવા સુચના આપેલ હોય અને પાડોશી રાજ્યમાંથી ઘણા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ગુજરાતમાં ઘુસાડવામાં આવતો હોય સઘન વાહન ચેકિંગ તેમજ નાકાબંધી કરવા સુચના આપી હતી. જે સુચના અને માર્ગદર્શન ગતરોજ તા. ૧૫/૧૦/૨૦૧૭ રોજ પાંથાવાડા પોલીસ સબ. ઈન્સ. બી.એમ. ચૌધરીને મળેલ બાતમી હકીકત આધારે તેઓએ અ.હેડ.કો. ફલજીભાઈ રઘનાથભાઈ અ.હેડ.કોન્સ. રમેશભાઈ જેઠાભાઈ તથા આ.પો.કો. કરમસીભાઈ રામસુંગભાઈ વગેરે સાથે પાંથાવાડા હાઈવે રોડ કન્યા શાળા આગળ રોડ ઉપર છોટા હાથી ગાડી નંબર જી.જે. ૩ એ.ઝેડ. ૧૬૯૦ ની વોચમાં હતા. તે દરમ્યાન બાતમીવાળી છોટા હાથી ગાડી આવતા તેની તલાશી લેતા તેમાં પ્રશાંતભાઈ વિનોદભાઈ ખીચડા (કચ્છી ભાનુશાળી) રહે. ૩૫ દીગીજ પ્લોટ વિશ્રામવાડી ચોક જામનગર તા.જિ. જામનગર તેમજ ખાલી સાઈડમાં બેઠેલ ઈસમ યોગેશભાઈ લક્ષ્મણભાઈ પરમાર (સતવારા) રહે. કાલાવાડ ગેટ સતવાર વાડ જામનગર તા. જિ.જામનગરવાળાઓએ છોટા હાથીમાં પાછળ બનાવેલ ગુપ્ત બોક્સમાં પર પ્રાંતિય વિદેશી દારૂ બોટલ નંગ-૧૭૬ કુલ કિંમત રૂપિયા ૭૦,૪૦૦ સાથે મળી આવ્યા હતા. આથી છોટા હાથી ગાડી કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- તથા મોબાઈલ નંગ- ૨ કિંમત ૧૦૦૦/- એમ મળી કુલ કિંમત રૂપિયા ૨,૭૧,૪૦૦/- ના મુદ્દામાલ સાથે ઈસમોની અટકાયત કરી તેમની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ઘાંણામાં ગ્રામજનોએ દારૂ બંધી કરી



પ્રતિનિધિ ઘાણા

લાખણી તાલુકાના ઘાંણા ગામે ગામ લોકો ભેગા મળી ગામમાં કયાંય દારૂ ન વેચાય તે માટે નિર્ણય લેવાયો. કે ગામમાં કયાંય દારૂ ન મળવો જોઈએ. અને જે કોઈ દારૂ વેચે એને દંડ વસુલ કરવામાં આવશે.આમ તો ગુજરાતમાં દારૂ બંધી છે પણ ઘણા ગામડાંમાં હજુ પણ દારૂના હદ્દાઓ ચાલે છે પણ દારૂના લીધે ઘણા લોકો બરબાદ થાય છે અને ઘણા લોકો મોતને પણ ભેટ્યા છે એટલે ગામના લોકોની જિંદગી બરબાદ ન થાય તે માટે દારૂ ન વેચવા નિર્ણય કર્યો. જેમાં ગામના (સરપંચ) ગજાજી કાનજી (માજી સરપંચ) રાયચંદજી વિહાજી (માજી ડે) દિપાજી રાજપુત અને આગેવાનો સેધાજી, ઈસાજી, અજુજી, ગેમરાજી, કેસાજી, પ્રતાપજી, હીરાજી ઠાકોર, ભેરાજી પટેલ , સતાજી મુસલા, ગણેશજી રબારી, રાણાજી હરિજન, તાજાજી સુથાર, અને ગ્રામજનોની હાજરીમાં નિર્ણય લેવાયો.

# ડીસામાં ગાયત્રી પરિવાર દ્વારા આયોજીત યુવાક્રાંતિ રથનું સ્વાગત


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

યુવાનોની શક્તિને વ્યસનો અને દુષ્યવૃતિઓમાં બરબાદ થતી અટકાવવા તથા પર્યાવરણ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે જાગૃત કરીને સકારાત્મક દિશામાં તેનો સદુપયોગ થાય તે હેતુથી ચાલુ વર્ષને અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, શાંતિકુંજ હરિદ્વાર દ્વારા “યુવા ક્રાંતિ વર્ષ” તરીકે જાહેર કરવામાં આવયું છે. જેનો મુખ્ય ઉદેશ યુવાન ભાઈ - બહેનોને સંગઠિત કરી યોગ્ય દિશાધારા આપીને તેમની શક્તિના પ્રચંડ પ્રવાહને રાષ્ટ્ર નિર્માણ લગાવી શકાય.

શાંતિકુંજ હરિદ્વાર દ્વારા સમગ્ર ભારતમાં યુવા શક્તિને આહવાન કરવા માટે, ભારતભરમાં ભ્રમણ કરવા માટે કુલ ચાર યુવા ક્રાંતિ રથ તૈયાર કરીને યુવા ભારત યાત્રા માટે નીકળ્યા છે જેમાંથી એક રથ ગુજરાત અને રાજસ્થાન ખાતે ફરવા માટે નીકળેલ છે. દ્વારિકા નગરીથી પ્રસ્થાન થયેલ રથનું ગુજરાતના અલગ અલગ જિલ્લઓમાં ફરીને ગત તા.૧૫ ઓક્ટો - ૨૦૧૭ ના રોજ ડીસા ખાતે પૂર્વનિર્ધારિત કાર્યક્રમ મુજબ સવારે ૯.૧૫ કલાકે આગમ ન થયુ હતું. જેમાં શાંતિકુંજ હરિદ્વાર અને ગુજરાત રાજ્યના પ્રખર વરિષ્ઠ કાર્યકરો પણ હતા. ત્યાં રથનું સ્વાગત કરવામાં આવ્યું ત્યારબાદ ટુ વ્હીલર, ફોર વ્હીલર અને યુવા ક્રાંતિ રથ અને અન્ય વાહનો દ્વારા ડીસા નગરના રાજમાર્ગો પર આ રથની વિશાળ નગરયાત્રા યોજાઈ હતી. યુવાનોને સ્પર્શી જાય તેવા યુવાક્રાંતિ ગીતોથી સમગ્ર ડીસા શહેર ગુંજી ઉઠ્યુ હતું અને યાત્રા સૌના આકર્ષણની કેન્દ્ર બની હતી. આ વિશાળ નગર યાત્રામાં ડીસા શહેરના અને આસપાસના વિસ્તારના અનેક યુવાન ભાઈ બહેનો જોડાયા હતા. ઉપરાંત બનાસકાંઠા જિલ્લા ગાયત્રી પરિવારની જુદી જુદી શાખાઓ રાધનપુર, કાંકરેજ, દિયોદર, ભાભર, થરાદ, ધાનેરા અને માલગઢ માંથી અનેક યુવાન મિત્રો અને વડીલો પધાર્યા હતા. નગરયાત્રા પૂર્ણ થયા બાદ આ રેલીએ ગાયત્રી શક્તિપીઠ પાસે એક મહાસભામાં રૂપાંતરિત થઈ હતી જેમાં નગરના અને શાખાઓમાંથી આવેલ અનેક યુવા ભાઈ-બહેનો સાથે વડીલો પણ હાજર રહ્યા હતા. આ સભામાં શાંતિકુંજ હરિદ્વારથી આવેલ યુવા ક્રાંતિરથમાં વિડીયો સંદેશ માટે વિશાળ એલ.ઈ.ડી. લગાવવામાં આવી હતી.

અનુસંધાન પાના નં.૬

# થરાદ તાલુકાના આજાવાડા ગામે ઠાકોર સમાજની સભા યોજાઈ


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

આજે થરાદના આંતરીયાળ વિસ્તાર આજાવાડા ગામે ઠાકોર સેના અને ઓ.બી.સી, એસ.સી, એસ.ટી એક્તા મંચની જાહેર સભા યોજાઈ હતી. જેમા બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આજાવાડા ગ્રામ સમિતીએ તમામ મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

સભામાં આગામી ૨૩ ઓક્ટોમ્બરે ગાંધીનગર ખાતે યોજાનાર જનાદેશ મહાસંમેલનમાં મોટી સંખ્યામાં હાજર રહેવા જણાવ્યુ હતું. પ્રવિણજી ઠાકોરે વ્યસનમુક્ત રહી શિક્ષણયુક્ત સમાજનું નિર્માણ કરી તંદુરસ્ત સમાજની અપીલ કરી હતી. વધુમાં જણાવ્યું હતુ કે આગામી વિધાનસભાની ચુંટણીમાં સરકાર ગરીબ કચડાએલા સમાજની બને તેના માટે સૌએ એક્તા ટકાવી રાખી તમામ સમાજને સરકાર બનાવવામાં સહભાગી બની આધુનિક વિજ્ઞાન ટેક્નોલોજીના યુગમાં કોમ્પયુટરના યુગ સાથે તાલ મીલાવી સમાજને આગળ વધવા અનુરોધ કર્યો હતો.

આ પ્રસંગે થરાદ પ્રમુખ પ્રવિણજી ઠાકોર, ઉ.પ્રમુખ જયંતીજી ઠાકોર, મંત્રી ઉદાજી ઠાકોર,મિડીયા સેલ દિપકજી ઠાકોર, સંગઠન મંત્રી ભેમજીજી ઠાકોર, સામજીજી ઠાકોર, દેવાજી ઠાકોર, વખતાજી ઠાકોર, ભરતજી ઠાકોર, પ્રેમજીજી ઠાકોર, ખોડાજી ઠાકોર, દિનેશજી ઠાકોર, મયૂરજી ઠાકોર, પિરાજી ઠાકોર, દશરથજી ઠાકોર, ઉત્તમજી ઠાકોર, નિલેશજી ઠાકોર, પ્રધનજી ઠાકોર, ભુરાજી ઠાકોર, કરસનજી ઠાકોર સહિત વિશાળ સંખ્યામા સેનાના હોદેદાર કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## સદ્‌વિચાર ફાઉન્ડેશન દ્વારા

# વાસણી (ગઢ) આંગણવાડી બાળકો સાથે દિવાળીની અનોખી ઉજવણી કરાઈ

### બાળકોને કપડાં તેમજ ત્રણ દિવસ ખીર આપવામાં આવશે


સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કાર્યરત સદ્વિચાર ફાઉન્ડેશન હંમેશા અલગ - અલગ સેવાકીય પ્રવૃતિઓ સાથે કાર્યરત છે. ત્યારે ગતરોજ સદવિચાર ફાઉન્ડેશન પાલનપુર દ્વારા પાલનપુર તાલુકાના વાસણી ગામમાં દિવાળી પર્વના અનુસંધાને આંગણવાડીના બાળકોને કપડાં, ત્રણ દિવસ સુધી ખીરનો પ્રસાદ, તેમજ કોઈપણ પ્રકારના નુક્શાન પ્રદુષણ વગરની કાળજી પૂર્વક દિવાળીની ઉજવણી કરવાના સપથ લેવડાવી ગામમાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સ્વચ્છતા જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ગોરધનભાઈ (ગઢ- પો.સ્ટે) અમરતભાઈ ગઢ, હિદાયતભાઈ (કુંભાસણ) સરપંચ તેમજ આંગણવાડી સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ફાઉન્ડેશન ચેરમેન રાહુલ કોઈટિયા, જેતસીંગ સોલંકી, કાંતિભાઈ તેમજ સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

# થરાદમાં ગોપાલ સેના દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



પ્રતિનિધિ થરાદ

થરાદના ભણશાળીટ્રસ્ટ ખાતે થરાદ વાવ ભાભર ગોપાલસેના દ્વારા સૌપ્રથમ વખત બ્લડ ડોનેશનકેમ્પ યોજાયો હતો. જેમાં તાલુકાના રબારી સમાજના ભાઈઓએ ૭૭ બોટલ રક્ત એકત્રિત કરીને ડીસા ભણશાળીની બ્લડબેંકને અર્પણ કર્યું હતું.

જેમાં સમાજ આગેવાન જીગરભાઈ દેસાઈ (બનાસબેંક વાઈસચેરમેન), તાલુકા સંઘમંત્રી બાબુભાઈ પાણકુટા,ગોપાલસેના અધ્યક્ષ નરસિંહભાઈ (બાઈવાડા), રબારી સમાજના થરાદ વાવ સુઈગામ તાલુકાના યુવા પ્રમુખ નરસિંહભાઈ (મલુપુર), થરાદના પ્રમુખ દિલીપભાઈ દેસાઈ (કુંભારડી) તથા ઉપપ્રમુખ તેજાભાઈ (રડોસણ), પરબતભાઈ ખટાણા (થરાદ તાલુકા ભાજપ યુવામોર્ચા મંત્રી), ભલાભાઈ કે (ભાચલી), વસરામભાઈ (પેપરાલ), લાખણી તાલુકા ગોપાલસેના પ્રમુખ મોતીભાઈ (કમોડા), ધાનેરા તાલુકાપ્રમુખ નાગજીભાઈ દેસાઈ, તથા ઠાકરસીભાઈ કે (લુણાવા), લાખાભાઈ દેસાઈ (પિલુડા), જોરાભાઈ દેસાઈ (લોરવાડા), મોનાભાઈ દેસાઈ (ભાખરી), અમરાભાઈ દેસાઈ (કુંભારડી) અમરાભાઈ હુંણ (જોરડીયાળી), મેરાજભાઈ (થરાદ) તથા ખુમાભાઈ (મોરીખા), વશરામભાઈ પાંચાભાઈ દેસાઈ (મલુપૂર), પરબતભાઈ ડી (મોરીલા), વરજંગભાઈ વી (મોરીલા), મેવાભાઈ (મલુપુર) સહીત બહોળી સંખ્યામાં થરાદ, વાવ અને ભાભર ગોપાલ સેનાના સદસ્યોએ રક્તદાન કર્યું હતું. આ પ્રસંગે થરાદ ભણશાળી ટ્રસ્ટના સીડીપીઓ મનસુખભાઈ ગોઠી તેમજ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# કાંકરેજ તાલુકાના વાલપુરા ગામે વયનિવૃત્ત આચાર્ય શિક્ષકનો વિદાય સમારોહ યોજાયો



યશપાલસિંહ વાઘેલા

તા.પ્રતિનિધિ થરા

કાંકરેજ તાલુકાના વાલપુરા પ્રા. શાળાના આચાર્ય વાલાભાઈ દેસાઈ અને શિક્ષક વિનુભા વાઘેલા વયનિવૃત્ત થતાં દેવદરબાર જાગીરમઠના ૧૦૦૮ મહંત શ્રી બળદેવનાથજી તથા ત્રણ મઠના મહંતશ્રીઓની ઉપસ્થિતિમાં વિદાય સન્માન સમારોહ ગઈકાલે યોજાઈ ગયો. આ પ્રસંગે સરપંચ (પૂર્વ) નવીનભાઈ ઠક્કર ઉણ હાઈસ્કૂલના (પૂર્વ) આચાર્ય નવીનભાઈ ભોજક, પ્રહલાદભાઈ ઠક્કર સહિત વાલપુરા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી.

# થરાદના દુધવાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ

રવિવારે થરાદના દુધવા ગામે ૮૫ લાખના ખર્ચથી નવિન બનેલ પીએચસીનું લોકાર્પણ ધારાસભ્ય પરબતભાઈ પટેલના હાથે યોજાયું હતું.આ પ્રસંગે જીલ્લાના આરોગ્ય અધિકારી ડૉ અરૂણ આચાર્ય, તાલુકા ભાજપપ્રમુખ રૂપસીભાઈ પટેલ, ડેલીગેટ, સરપંચ, તાલુકાના હેલ્થ સુપરવાઈઝર બીઆર તરક, મેલ અને ફિમેલ હેલ્થ વર્કરો તથા બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. પીએચસીના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતુ.

# વડગામમાં ચાંગામાં ધાર્મિક સ્થળોની સફાઈ કરી કોમી એકતાના દર્શન

### હિંદુ, મુસ્લિમ, જૈન ત્રણે ધર્મના લોકો દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

નૂતન વર્ષના વધામણાં કરવા વડગામના ચાંગા ગામે હિંદુ,મુસ્લિમ, જૈન ત્રણે ધર્મના લોકો દ્વારા ગતરોજ ધાર્મિક સ્થળોનું સફાઈ અભિયાન કરી સમગ્ર જિલ્લામાં કોમી એકતાનાં દર્શન કરાવ્યા છે.

ગઈકાલ રવિવારે વડગામના ચાંગા ગામના તમામ લોકો એકત્ર થયા હતા. જેમાં દિપાવલી પર્વની અનોખી ઉજવણી કરવાનું નક્કી થતાં ચાંગા નવનિર્માણ ગૃપ દ્વારા હિંદુ, મુસ્લિમ, જૈન ત્રણેય ધર્મના ધાર્મિક સ્થળોની સ્વચ્છતા કરી ઉમદા કાર્ય કરવામાં આવ્યું હતું.

# થરામાં વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત


યશપાલસિંહ ટી. વાઘેલા

થરા નગરપાલીકા ખાતે તાજેતરમાં ત્રણ કરોડ ઉપરના વિવિધ વિસ્તારના રોડ બનાવવાના વિકાસ કાર્યોના ખાતમુહુર્ત કરવામાં આવ્યા. આ પ્રસંગે પાલિકા પ્રમુખ વિનોદજી ઠાકોર, ચીફ ઓફિસર જતીન મહેતા, થરા શહેર કોંગ્રેસ પ્રમુખ અલ્પેશ શેઠ, પાલિકા કોર્પોરેટરઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અંકુશરેખા ઉપર પાકિસ્તાનનો ગોળીબાર : ત્રણ બાળકો ઘાયલ

જમ્મુ

જમ્મુ કાશ્મીરના પૂંચમાં પાકિસ્તાન તરફથી નિવાસી વિસ્તારોને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા ગોળીબારથી ફરી એકવાર તંગ સ્થિતિ ઉભી થઇ ગઇ છે. શનિવારે મોડી રાતથી પાકિસ્તાની જવાનોએ ગોળીબાર કરીને બાલાકોટ સેક્ટરથી જોડાયેલી અંકુશરેખા નજીકના વિસ્તારોમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. ભારતીય સેનાની ચોકીને ટાર્ગેટ બનાવીને પણ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ ગોળીબાર બાદ ભારતીય જવાનોએ પણ જોરદાર જવાબી કાર્યવાહી કરી હતી. જેના લીધે સ્થાનિક લોકોમાં દહેશત ફેલાઈ ગઈ હતી. પાકિસ્તાની સેનાએ ચિંતાજનક સ્થિતિમાં ભારતના નિવાસી વિસ્તારોને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાન તરફથી ઝીંકવામાં આવેલા મોર્ટાર પૈકી એક મોર્ટાર મકાનની નજીક પડતા ત્રણ બાળકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા બાળકોને તરત જ સ્થાનિક હોસ્પિટલમાં ખેસડવામાં આવ્યા હતા જ્યાં ૧૫ વર્ષીય એક યુવતીની હાલત ગંભીર જણાવવામાં આવી છે. પાકિસ્તાન તરફથી ગોળીબાર કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીર સાથે જોડાયેલી આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખાના વિસ્તારમાં હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. છેલ્લા કેટલાક દિવસથી પાકિસ્તાન તરફથી યુદ્ધ વિરામનો ભંગ કરીને સતત ગોળીબાર કરાઇ રહ્યો છે. ઈન્ટેલીજન્સ તરફથી જણાવવામાં આવ્યું છે કે, પાકિસ્તાન દ્વારા ત્રાસવાદીઓને મોટાપાયે ઘુસાડવાના હેતુસર ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. આજ કારણસર એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. આગામી દિવસોમાં પાકિસ્તાનમાં આવા કૃત્યોને નિષ્ફળ કરવા અન્ય પગલાઓ પણ લેવામાં આવી રહ્યા છે.

# પાંચડાના યુવાન તલાટીની બદલી

પ્રતિનિધિ પાંચડા

પાંચડા ગામની ગ્રા.પં.માં તલાટી મોદીની બદલી થતાં તેમની જગ્યાએ શેરપુરાના વતની ઉત્સાહી નવયુવક જાગીરદારને મુકવામાં આવ્યા છે. જેઓ મુખ્ય કચેરીએ નિયમિત ફરજ પર આવી કાર્ય સંભાળે છે. જેથી ગામલોકોના કાર્યોને વેગ મળતો જણાય છે.

# ભારતીય અર્થવ્યવસ્થા ખુબ મજબૂત રસ્તા પર

નવીદિલ્હી

આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (આઈએમએફ)ના વડા ક્રિસ્ટિન લેગાર્ડે ભારતીય અર્થવ્યવસ્થાની પ્રશંસા કરી છે. અલબત્ત થોડાક દિવસ પહેલા જ આઈએમએફે ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસદરના અંદાજને ઘટાડી દીધો હતો.

આઈએમએફ ચીફ લેગાર્ડે આનાથી વિરુદ્ધમાં કહ્યું છે કે, ભારતીય અર્થવ્યવસ્થા ખુબ મજબૂત સ્થિતિમાં છે. ક્રિસ્ટિન લેગાર્ડે કહ્યું છે કે, અમે ભારતીય અર્થવ્યવસ્થાના વિકાસદરના અંદાજને ઘટાડી રહ્યા છે પરંતુ અમને વિશ્વાસ છે કે, ભારત મિડિયમ અને લોંગ ટર્મમાં વિકાસના માર્ગ ઉપર છે. તેમણે ઉમેર્યું હતું કે છેલ્લા દશકોમાં અર્થતંત્રમાં કરવામાં આવેલા ફેરફારના કારણે ભારતને સારા પરિણામ મળી રહ્યા છે. લેગાર્ડે એમ પણ કહ્યું હતુ કે, આર્થિક સુધારા માટે હાલમાં જ ઉઠાવવામાં આવેલા બે મોટા પગલા નોટબંધી અને જીએસટીથી પણ ફાયદો થઇ રહ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, આર્થિક સુધારાના કારણથી ઓછી અવધિની મંદી થવાની બાબત કોઇ ચોંકાવનારી બાબત નથી. ભવિષ્યમાં ભારતીય અર્થવ્યવસ્થા ખુબ જ મજબૂત થશે.

## ગુજરાતમાં વિકાસ અંગે ચર્ચા કરવા માટે રાહુલ સાથે તૈયાર

# ભાજપ ગુજરાતની ચૂંટણી મોદીના નામે જ લડશે : વિજય રૂપાણી

અમદાવાદ

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ એક ખાનગી ચેનલના કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રી રૂપાણીએ જણાવ્યું હતું કે ગુજરાતની ચૂંટણી દેશમાં ચર્ચાનો વિષય બન્યો છે. વડાપ્રધાન મોદીએ ફક્ત ૧૭ દિવસમાં નર્મદાનો પેન્ડિંગ કેસનો ઉકેલ લાવવામાં આવ્યો હતો.

વિજય રૂપાણીએ કહ્યું કે, પીએમ મોદીના કારણે દુનિયાભરમાં ભારતની પ્રતિષ્ઠા વધી છે. ગુજરાતને અન્યાય થતો હતો તે જે પીએમ મોદીએ બંધ કર્યો છે. કૉંગ્રેસને દેશના લોકોએ બહુમતી આપી છતા દેશ ફસાયેલો રહ્યો. વર્ષોથી ગુજરાતની નર્મદાનો પ્રશ્ન પેંડિગ હતો, રાજકોટને એયરપોર્ટ ગુજરાતને બુલેટ ટ્રેન આપી છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીનું નિવેદન વિધાનસભાની ચૂંટણી ભાજપ પ્રધાનમંત્રી મોદીના નામે લડશે. વિજય રૂપાણીએ કહ્યું કે, ગુજરાતમાં વિકાસ અંગે રાહુલ સાથે ચર્ચા કરવા અમે તૈયાર છીએ. વિજય રૂપાણીએ કોંગ્રેસેના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીને આ પડકાર ફેંક્યો છે.

મોદીના નામે જ ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડવામાં આવશે. ચૂંટણી કોના નેતૃત્વમાં લડાશે તેના જવાબમાં રૂપાણીએ કહ્યું કે, કૉંગ્રેસે વર્ષો સુધી ઈંદિરા ગાંધીના નામે ચૂંટણી લડી છે, ત્યારે કેમ વાંધો ન ઉઠાવ્યો.

# કોંગ્રેસ સ્થાનિકની બાદબાકી કરી બહારના ઉમેદવારોને ટિકિટ આપશે તો હાર નિશ્ચિત

અમદાવાદ

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની ભાજપ અને કોંગ્રેસ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે અને હાલ ઉમેદવારોની પસંદગીની કવાયત ચાલી રહી છે. ૨૨ વર્ષ બાદ કોંગ્રેસ તરફી વાતાવરણ ઊભું થઈ રહ્યુ છે ત્યારે જો ઉમેદવારોની પસંદગીમાં સ્થાનિકની બાદબાકી કરીને બહારના ઉમેદવારોને ટિકિટ આપવામાં આવશે તો કોંગ્રેસની હાર નિશ્ર્ચિત માનવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યમાં મોટા ભાગના વર્ગો ભાજપ સરકારથી નારાજ છે. પટેલ સમાજ, ઠાકોર સમાજ, કોળી સમાજ સહિત વિવિધ સમાજોમાં પણ ભાજપ પ્રત્યે નારાજગીના સૂર ઊઠી રહ્યા છે. નોટબંધી અને જીએસટીને લીધે ઉદ્યોગકારો અને વેપારીઓમાં પણ નારાજગી જોવા મળી રહી છે. અસહ્ય મોંઘવારીથી પણ પ્રજા પરેશાન છે. સરકારી કર્મચારીઓ પણ ખુશ નથી. આવા સંજોગોમાં કોંગ્રેસ માટે વાતાવરણ સારું છે, પરંતુ જ્ઞાતિ ફેક્ટરના સમીકરણને ધ્યાનમાં રાખીને જો સ્થાનિક ઉમેદવારોને ટિકિટ અપાશે તો જ કોંગ્રેસની જીત આસાન બનશે. હાલ કોંગ્રેસ દ્વારા જે નામોની ચર્ચા થઈ રહી છે તે જોતા ઘણી બધી બેઠકો પર બહારના ઉમેદવારોના નામો છે. જો બહારના ઉમેદવારોને પસંદ કરવામાં આવશે તો કોંગ્રેસના સ્થાનિક કાર્યકરો નિષ્ક્રિય બની જશે. જેનો સીધો ફાયદો ભાજપને થશે. શહેરી વિસ્તારોમાં ભાજપનું પ્રભુત્વ સારું છે એટલે લીડ ઘટી શકે પણ જીત ભાજપની થશે પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં ભાજપ માટે કપરા ચડાણ છે. આ તકનો કોંગ્રેસ કેટલો ફાયદો ઉઠાવી શકે છે તે તો સમય જ કહેશે.

સૂત્રોએ ઉમેર્યું હતું કે શંકરસિંહ વાઘેલાના નેતૃૃત્વ હેઠળનો જનવિકલ્પ મોરચો તેમ જ એનસીપી ભાજપના બી ગ્રૂપ તરીકે કાર્ય કરીને કોંગ્રેસના મતોમાં વિભાજન કરશે. ઉપરાંત કોંગ્રેસના મતો તોડવા ભાજપે અપક્ષોની ફોજ પણ તૈયાર કરી છે. ભાજપની આ રણનીતિ સામે કોંગ્રેસ સ્થાનિક ઉમેદવારો પર પસંદગીનો કળશ ઢોળશે તો કોંગ્રેસને ચોક્કસ ફાયદો થશે એવું રાજકીય પંડિતો માની રહ્યા છે.

## તંત્રી સ્થાનેથી ...

**જે બીજાની વધુમાં વધુ સેવા બજાવે છે તે જ વધારેમાં વધારે સુખી છે.**

# મહારાષ્ટ્રમાં નાંદેડ મ્યુનિ.ની ચુંટણીમાં કોંગ્રેસને મળેલી સફળતા

ચુટણી રાજકીય સ્તરની હોય કે પછી સ્થાનિક પંચાયતની હોય તેમાં ગમે તે એક પક્ષની હાર-જાત નિશ્ચિત હોય છે. પરંતુ સત્તા હાંસિલ કરવા માટે વર્તમાન સંજોગોમાં જે કાવા-દાવા થાય છે. તેવા કાવાદાવા અગાઉની ચુંટણીઓમાં ક્યારેય જોવા મળેલ નહિં અને રાજકારણમાં વિજય કે પરાજય, કંઈ જ સ્થાયી હોતું નથી. હાલમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે દરેક ચુંટણીમાં જબરદસ્ત ટકરાવ થયો છે. પહેલા લોકસભાની અને પછી મહારાષ્ટ્ર વિધાનસભાની ચુંટણીમાં કોંગ્રેસનો ભારે ધબડકો થયો તે પછી એવું માનવામાં આવતું હતું કે નેતૃત્વ વિહોણી મહારાષ્ટ્ર કોંગ્રેસ ખતમ થઈ જશે. પણ નાંદેડ મ્યુનિસિપલ કોર્પોરેશની ચુંટણીમાં કોંગ્રેસનો વિજય થતાં ભાજપ અને શિવસેનાની રાજકીય છાવણીમાં ભારે સન્નાટો વ્યાપી ઉઠ્યો છે.

શીખોના પવિત્ર ગુરુ દ્વારા માટે જાણીતા નાંદેડ શહેરમાં કોંગ્રેસને જે જબરજસ્ત બહુમતિ મળી છે તે જોઈને ભાજપના નેતાઓની આંખો પહોળી થઈ ગઈ છે. ૮૧ સભ્યોની નાંદેડ મ્યુનીસિપાલિટીમાં કોંગ્રેસને ૭૭ પૈકી ૬૭ બેઠકો મળી અને ચાર બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારો આગળ હોવાનું મનાય છે. આ ચુંટણીમાં કોંગ્રેસના વિજયના કારણે મહારાષ્ટ્ર કોંગ્રેસના કાર્યવાહક પ્રમુખ અશોક ચવાણનું હવે તાકાત વધશે તે વાત પણ ચોક્કસ છે. નાંદેડની બેઠક પર ભાજપ અને શિવસેનાના ઉમેદવારોએ ચુંટણી જંગ જીતવા ઘણી તાકાત લગાવી હતી. પરંતુ નસીબે તે આ બંને પક્ષોને સાથ ન આપ્યો તે સ્પષ્ટ નજરે પડે છે.

ઈ.સ. ૨૦૧૨ માં નાંદેડની મ્યુનિ.ની ચુંટણીમાં કોંગ્રેસને ૪૧ બેઠકો સાથે ૮૧ સભ્યોના ગૃહમાં માંડ માંડ બહુમતિ મળી હતી. ત્યારે શિવસેનાને ૧૪ બેઠકો પ્રાપ્ત થઈ હતી અને આ વખતે શિવસેનાને માંડ એક જ બેઠક મળી હતી. ત્યારે ભાજપને માત્ર બે જ બેઠકો મળી હતી. કહેવાય છે કે ભાજપે પોતાની તમામ તાકાત નાંદેડની ચુંટણી જીતવા પર લગાવી હતી. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવિસ સહિત દસ જેટલા પ્રધાનો ચુંટણી પ્રચાર માટે આવ્યા હતા. પરંતુ ભાજપની કવાયત નિષ્ફળ નિવડેલ.

જેમ ભાજપ વિકાસના મુદ્દા પર ચુંટણી લડે છે. તે રીતે જ નાંદેડ મ્યુનિસિપાલિટીની ચુંટણી કોંગ્રેસ વિકાસના મુદ્દા પર લડી હતી. અશોક ચવાણ મહારાષ્ટ્ર કોંગ્રેસના સર્વેસર્વા હોવા ઉપરાંત નાંદેડના સંસદ સભ્ય પણ હોવાથી તેમનો પ્રભાવ ખરેખર કામ કરી ગયો.

અગાઉ ઈ.સ. ૨૦૧૦ ના નવેમ્બરમાં મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્યમંત્રી અશોક ચવાણનું નામ આદર્શ કૌભાંડમાં ગાજ્યું હતું અને તેમને રાજીનામું આપવાની ફરજ પાડવામાં આવી હતી, ત્યારે લોકોના મનમાં એવું હતું કે હવે અશોક ચવાણની રાજકીય કારકિર્દી ખતમ થઈ ગઈ છે. બાદમાં તેમના રાજીનામા પછી તત્કાલીન કેન્દ્રીય મંત્રી પૃથ્વીરાજ ચૌહાણને મુખ્યમંત્રી બનાવાયા હતા. કારણ કે તેઓ કિસન ઈમેજ ધરાવતા હતા. જો કે ૨૦૧૪ ના વર્ષમાં લોકસભાની ચુંટણીમાં પૃથ્વીરાજ ચૌહાણના નેતૃત્વ હેઠળ મહારાષ્ટ્રમાં કોંગ્રેસનો ધબડકો થયો ત્યારે અશોક ચવાણે થોડી ઘણી આબરૂ બચાવી હતી. મહારાષ્ટ્રમાં કોંગ્રેસને જે બે બેઠકો મળી હતી. તેમાં એક નાંદેડની હતી, જે બેઠક અશોક ચવાણ જીતી ગયા હતા.

# શાળાના સ્તરેથી વિદ્યાર્થીઓના કૌશલ્યને ઓળખવા અને તેને પોષવા માટેનું પ્લેટફોર્મ આપવા અમદાવાદ ખાતે એજ્યુકેશનલ એડવન્ટ સ્કીલ કનેક્ટની રજૂઆત



સ્કીલ કનેક્સ્ટ એ એક એવું અલ્ટીમેટ પ્લેટફોર્મ છે જે વિદ્યાર્થીઓને તેમનામાં રહેલી સ્કીલને બહાર લાવવા અને તેઓને એક્સ્પોઝર આપે છે તથા વિદ્યાર્થીઓને અચિવરતરીકે દિશા આપે છે. નામ પ્રમાણે સ્કીલ કનેક્સ્ટમાં, સ્કીલ નેક્સ્ટ પ્લેટફોર્મ સાથે જોડાય છે, તે પછી સ્ટુડન્ટ હોય કે મેન્ટોર હોય.એજ્યુકેશનલ એડવન્ટ લોન્ચ - સ્કીલ કનેક્ટનું આયોજન યુલોગિયા ઈન, ગોતા બ્રિજ પાસે, એસજી હાઈવે, અમદાવાદ ખાતે ૧૫ ઓક્ટોબરના રોડ કરાયું છે જેશાળાના સ્તરે વિદ્યાર્થીઓમાં રહેલા કૌશલ્યને ઓળખવા અને તેને પોષવા માટે પ્લેટફોર્મ આપશે.આ અંગે આઈડિયલ ગ્રૂપના ડિરેક્ટર તેજસ શાહે કહ્યું હતું, 'આ યોગ્ય સમયે યોગ્ય પસંદગી કરવા માટે છે. આ તમારામાં રહેલી સંભાવનાઓને ઉપયોગમાં લઈને સૌથીઉત્તમ માટેની આતુરતા છે. આ યોગ્યતમ માર્ગદર્શન આપવાની વાત છે.'દરેક સ્ટુડન્ટમાં કંઈક વિશેષતા હોય છે. દરેક વિદ્યારથી કંઈક શીખવા માટે આતુર હોય છે અને દરેક શીખતો માણસ પોતાની રીતે અનોખો હોય છે.' 'સ્કીલ કનેક્સ્ટનો અલ્ટીમેટ ઓબ્જેક્ટિવ સમાજને ઉચ્ચતમ રીતે વિકસિત સ્કીલ્ડ અને પ્રતિભાશાળી આર્ટિસન્સ આપવાનો છે કે જેઓ સમાજને સામાજિક, આર્થિક રીતે તેમજ સાંસ્કૃતિક રીતે નવા સ્તરે લઈ જાય.'

ભવિષ્યમાં, એક વર્ષમાં એક સર્વે ગુજરાતમાં અંદાજે ૪૦૦૦ સ્કૂલ્સમાંથી ૨૦ લાખ જેટલા સ્ટુડન્ટ્સ અને વાલીઓનો કરાશે. તમામ મેન્ટર માટે સ્કીલ પ્રમાણે ક્લાઉડપ્લેટફોર્મ હશે જ્યાં સ્કીલ્સની ઓળખ થશે અને જે તે ફિલ્ડમાં નિષ્ણાત દ્વારા માર્ગદર્શન અપાશે. આ સાથે તેઓ વિવિધ સ્પર્ધાઓ, ક્વીઝ, કોન્ટેસ્ટમાં સામેલ થઈ શકે છેજેથી તેઓ સ્કીલ્સની ઓળખ કરી શકે. તેઓ સ્કીલ્ડ વ્યક્તિની ઓળખ મેળવી શકે અને તેમના ફિલ્ડમાં ઉત્કૃષ્ટતા હાંસલ કરવા માટે ઈન્ટર કનેક્ટેડ સ્કીલ્સ સાથે કનેક્ટ થઈ શકશે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# કાંકરેજના રતનગઢ ગામના ખુશમિજાજી સ્વભાવના સામાજીક કાર્યકર અને યુવાન પત્રકાર ગોવિંદભાઈ ચૌધરી

**સંવેદના**
**પ્રવીણ એમ. નાઈ**



આ સંસારમાં આંગળીના વેઢે ગણાય એટલા માત્ર જ અનુપમ, અદ્વિતીય અને અજોડ પુરૂષો મળી રહે છે જેમની પાસે બે ઘડી બેસવાથી પણ અનહદ આનંદની પ્રતિતી થાય છે. .કુદરત દ્વારા મોકલાયેલા આવા ફરીશતાઓનું જીવન જ બીજાથી ભિન્ન હોય છે. અગરબત્તી જાતે સળગીને અન્યને સુગંધ આપે છે તે જ રીતે આ ધરા ઉપર વિચલન કરતા દેવદુત સમાન આવા પુરૂષો પોતાના જીવનમાં સંઘર્ષનો સામનો કરીને પરોપકારના કામમાં હંમેશા જોતરાયેલા રહે છે. આજે એવા ઉમદા વ્યક્તિત્વ ધરાવતા પુરૂષની વાત કરવી છે કે જેમના જીવનમાંથી આપણને પણ કંઈક શીખવા જરૂર મળશે. આવા વિશિષ્ટ પુરૂષ એટલે કાંકરેજના રતનગઢ (નવા રવિયાણા) ગામના ચૌધરી ગોવિંદભાઈ રમાભાઈ.

ગુલાબનો પરિચય પુછવા જવાનું ન હોય એ તો એની ફોરમ થકી જ ઓળખાય એ જ રીતે કોઈક વ્યક્તિ વિશે વાત કરવાની હોય ત્યારે તેમનું જીવન જ આપણને તેનો પરિચય કરાવી દે છે. જીવનમાં જનસેવા એ જ પ્રભુસેવા અને સમાજસેવાના નિયમ સાથે જીવતા ગોવિંદભાઈ છેલ્લા ૧૦ વર્ષથી પત્રકારની સરાહનીય કામગીરી કરી રહ્યા છે. કાંકરેજ તાલુકામાં સામાજીક કાર્યકર તરીકે ઉપસી આવેલા ગોવિંદભાઈ દરેક સમાજને સાથે રાખીને કામ કરવાની કળા ધરાવે છે. સામાજીક કાર્યકર તરીકેનું પ્રમાણપત્ર મેળવેલ ગોવિંદભાઈ કોઈપણ અપેક્ષા વગર દરેક સમાજમાં કામ કરે છે. સામાજીક કાર્યકરની સાથે સાથે તેઓ શિક્ષણ, વૃક્ષારોપણ, બાળકોનો અભ્યાસ, પૂર હોનારત કે પછી ગામમાં કે સમાજમાં કોઈપણ પ્રસંગ હોય તો ગોવિંદભાઈની હાજરી અચુક હોય છે. ગામમાં કે સમાજમાં કોઈપણ પ્રસંગે ગોવિંદભાઈ હાજર રહીને ખડેપગે રહીને સેવા કરે છે. ગામમાં અને આંજણા ચૌધરી સમાજ સારી લોકચાહના ધરાવતા ગોવિંદભાઈ કોઈપણ પ્રકારનો પક્ષાપક્ષી કર્યા વગર ઉમદા સામાજીક કાર્યકર તરીકેની ભૂમિકા અદા કરે છે. ગામમાં ગમે તે સમાજમાં કે પોતાના કાંકરેજ આંજણા સમાજમાં સમુહલગ્ન કે કોઈપણ પ્રસંગે ગોવિંદભાઈ ખડેપગે ઉભા રહીને બધાને સાથે રાખીને કામ કરવામાં માહેર છે.

ઈશ્વરનાં સ્વરૂપ કહેવાતાં નાનાં બાળકો ગોવિંદભાઈને ખુબ ગમે છે. તેઓ નાનાં બાળકો જોડે બેસીને મજાક મસ્તી કરીને આનંદ મેળવે છે. ઉતરાયણ, દિવાળી, હોળી જેવા તહેવારોમાં ગોવિંદભાઈ નાનાં બાળકોને પતંગો કે ફટાકડા આપીને ખુશી વ્યકત કરે છે. ખુશમિજાજી એવા ગોવિંદભાઈ સામાજીક કાર્યકર અને પત્રકારની સાથે રતનગઢ અર્બુદાનગર સેવા સહકારી મંડળીના ચેરમેન, સર્વોદય સેવા ટ્રસ્ટ રતનગઢના પ્રમુખ, પાણી અત્યાચાર નિવારણ સોસાયટી બનાસકાંઠા જિલ્લાના મેમ્બર, રતનગઢ બચત અને ધિરાણ મંડળી શિહોરીના વા.ચેરમેન વ્યસનમુક્તિ સંસ્થાના પ્રમુખ સહિત સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

ગોવિંદભાઈ સમાજના પ્રતિષ્ઠીત માણસોની સાથે રહીને કામ કરવામાં માહેર છે. બ.કાં.જિલ્લા કલેકટર આર.જે. પટેલની સાથે રહીને વૃક્ષારોપણ જેવા કાર્યક્રમ પણ કરેલ છે. તેમની આ સેવાઓને બીરદાવી પણ હતી. હંમેશા બીજાનું ભલુ થાય એવી ભાવના રાખતા ગોવિંદભાઈએ એવો સંકલ્પ લીધો કે ગુજરાત સરકારના મંત્રી શંકરભાઈ ચૌધરીના ઘરે પુત્ર જન્મશે તો હું અંબાજી પગપાળા જઈને માનતા પુર્ણ કરીશ. માતાએ પ્રાર્થના સાંભળી અને શંકરભાઈના ઘરે પુત્ર જન્મ થયો જે સંકલ્પને પુર્ણ કરવા તેઓ અંબાજી ચાલતા ગયેલા. શંકરભાઈએ આ જાણ્યું ત્યારે ખુશી વ્યકત કરી હતી. ગોવિંદભાઈ રાજકીય માણસ નથી પરંતુ રાજકીય માણસના વિશ્વાસુ ગણાતા ગોવિંદભાઈ રાજકીય સંબંધો વધારવામાં પણ માહેર છે. ગોવિંદભાઈને સરકારી વહીવટીતંત્ર પણ માન સન્માન આપે છે. વહીવટી અધિકારીઓ દિવાળી જેવા તહેવારોમાં શાલ ઓઢાડીને બહુમાન કરે છે.

સદા આનંદિત સ્વભાવના ગોવિંદભાઈ દરેક સમાજ સાથે હળીમળીને ચાલે છે. ખેડૂતોના વીજકેબલ વાયરોના પ્રશ્ન બાબતે ઝડપથી નિરાકરણ આવે તે માટેના પ્રયત્નો કરે છે. સાથે સાથે જેની પરીસ્થિતિ ખરાબ હોય તેને મદદ કરવામાં પણ એટલો જ ઉત્સાહ ધરાવે છે. કોઈક પરિવાર ઉપર મુશ્કેલી આવી પડે ત્યારે ગોવિંદભાઈ તેમની સાથે રહીને બનતી બધી જ મહેનત કરે છે. ગામમાં કેન્સરનો ભોગ બનેલ કુટુંબ ઉપર આભ તુટી પડયું તેવું દુઃખ આવ્યું ત્યારે ગોવિંદભાઈએ સહાય માટે જિલ્લા કલેકટર આર.જે.પટેલ સાથે રૂબરૂ ચર્ચા કરી માંગણી કરતાં જી.કલેકટરે તાત્કાલીક ગામની મુલાકાત લઈ જમીનવિહોણા પરિવારને સહાય આપી હતી.

સદા હસતા અને હસાવતા ગોવિંદભાઈ મજાક મસ્તીમાં પણ અવ્વલ નંબરે છે. તેઓ વાલ્મીકી સમાજના સભ્યો જોડે પણ સેલ્ફી લેતાં વાર કરતાં નથી.પુસ્તક વાંચવાનો શોખ ધરાવતા ગોવિંદભાઈ પોતાના ઘરે નાનકડું પુસ્તકાલય પણ રાખે છે. તેઓ પુસ્તક વાંચે છે અને બીજાને પણ વાંચવા તરફ પ્રેરીત કરે છે. બનાસકાંઠા જિલ્લાના તમામ મીડીયાના ભાઈઓ, લેખકો, વિવિધ અખબારોના તંત્રી સહિત સમાજમાં ગોવિંદભાઈ સારા માણસ તરીકેની છાપ ધરાવે છે. મીડીયા ક્ષેત્રમાં સરસ કામગીરી કરવા બદલ ગોવિંદભાઈને જિલ્લા કલેકટર રાણા અને એસ.પી. બડગુજરે પણ અભિનંદન આપ્યા હતા. અનેક સમાજની બહેનો ગોવિંદભાઈને રક્ષાબંધનના દિવસે રાખડી બાંધીને પોતાના ભાઈ સમાન ગણે છે. લાગણીશીલ ગોવિંદભાઈ ગરીબ પરિવારોના બાળકોને વિનામૂલ્યે ૧૦ વર્ષથી દૈનિક પેપરો વાંચવા માટે આપે છે.ખુશમિજાજી નવયુવાન સામાજીક કાર્યકર અને પત્રકાર ગોવિંદભાઈ ચૌધરીને શુભકામના આપવા માટે તેમના મો. નં.૯૪૨૮૬૫૨૧૪૧ ઉપર સંપર્ક કરી શકો છો. જેથી તેમનામાં કામ કરવાની મહેચ્છા અને ઉત્સાહ વધે જેનો ફાયદો સમાજને થઈ શકે. અને અંતમાં

'મળે છે અહીં માનવી સારા જ આ જગતમાં.. પણ દરેકની ઓળખવાની રીત જ જુદી છે..' અને ઘણી વિટંબણાઓમાંથી પસાર થયેલા માણસને ઉંચા સ્થાન પર બેસાડવો પડતો નથી પણ આપોઆપ બેસી જાય છે.. કર્મનુસાર દરેકને ઉંચો મોભો મળી જાય છે સેવાથી વણાયેલી જીંદગીમાં માણસનું જીવન સદા આનંદિત જ હોય છે. પણ હા.. કયાંક ઉંડે ઉંડે દુઃખની પીડા હોય છે પરંતુ સેવા અને હાસ્ય એ પીડાને ભુલાવી દે છે. ગોવિંદભાઈ હજુ પણ વધુ એમના જીવનમાં પ્રગતિ કરે તે માટે પરમાત્મા પાસે પ્રાર્થના.. યાચના...

**પ્રવીણ એમ.નાઈ રતનગઢ (તા.કાંકરેજ)**

# શ્રીમતી ઈલા ભટ્ટે શ્રી લાલબહાદુર શાસ્ત્રીના જીવનવૃતાંતનું વિમોચન કર્યું



અમદાવાદ

ભારતનાં પૂર્વ વડાપ્રધાન સ્વ. લાલબહાદુર શાસ્ત્રીના પ્રેરણાદાયી જીવનને આલેખતા 'લાલબહાદુર શાસ્ત્રી-નેતુત્વના સૂત્ર' પુસ્તકનું શ્રીમતી ઈલાબેન ભટ્ટનાં હસ્તે આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તકમાં શાસ્ત્રીનાં બાળપણ, પુખ્તાવસ્થા અને જાહેરજીવનને વણી લેવામાં આવ્યું છે. આ જીવનવૃતાંતને સ્વ. લાલબહાદુર શાસ્ત્રીનાં પુત્ર અનિલ શાસ્ત્રી અને પવન ચૌધરી દ્વારા આલેખવામાં આવ્યું છે. આ પુસ્તકને વિઝડમ વિલેજ પબ્લીકેશન દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે અને રૂ. ૨૨૫નાં મુલ્યમાં ઉપલબ્ધ છે.

આ પુસ્તકમાં શ્રી લાલબહાદુર શાસ્ત્રીના સમૃદ્ધ મૂલ્યો અને સિધ્ધાંતોને આવરી લેવામાં આવ્યા છે.આ મુદ્દાઓને ત્રણ સેકશન્સમાં વર્ણવાયા છે. તેમાં વ્યક્તિગત સ્તરે, આંતર વૈયકતિક સ્તરે અનેસામાજિક સ્તરે આપણને સૌને પ્રેરણા આપતા સિધ્ધાંતો અને મુલ્યોનો સમાવેશ થાય છે. આસંસ્મરણો વિચારપ્રેરક છે અને સરળતાથી આલેખાયેલી વાતોથી વાચકને વિષયમાં જકડી રાખે છે.આ પુસ્તકનાં આલેખનમાં શાસ્ત્રીજીની સાદગી, સરળતા, પ્રમાણિકતા, દૂરંદેશી અને નેતૃત્વને કારણેતીવ્ર ખાદ્ય કટોકટી, સામાજિક અશાંતિ, અને આક્રમક પાડોશીઓ જેવી કટોકટીઓ ખાળીને રાષ્ટ્રઅડીખમ ઊભુ રહ્યું તેવા પ્રસંગોનું પણ વર્ણન છે. તેમનાં વ્યુહાત્મક માર્ગદર્શનને કારણે ૧૯૬૫માંપાકિસ્તાન સામેનું યુદ્ધ જીતવામાં ભારતને સફળતા મળી હતી.આ પુસ્તકમાં શાસ્ત્રીજીનાં જીવનનાં પ્રેરણાદાયી પ્રસંગોનું સુંદર આલેખન કરવામાં આવ્યું છે, જેનૈતિકતાના પાઠ શીખવે છે અને વાચકને પ્રમાણિક નેતા અને સુવ્યક્તિત્વ ધરાવતા માનવી જેવાબનવાની પ્રેરણા આપે છે. આ પુસ્તક ભારતનાં તમામ અગ્રણી બુકસ્ટોર્સમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત Amazon.com, Filpkart.com, Amazon. in વગેરે જેવા ઓનલાઈન પોર્ટલ પર અને એમેઝોન કાઈન્ડલ પર તેનું ઈ બુક (ઈંગ્લીશ) વર્ઝન પણ ઉપલબ્ધ છે.

# સોની સબના કલાકારો દિવાળી વિશે શું કહે છે



સોની સબ પર તેનાલી રામમાં શારદા તરીકે પ્રિયંવદા કાંત

દિવાળી મારો મનગમતો તહેવાર છે. આ દિવસે હું વધુ રોમાંચિત રહું છું, કારણ કે તે જ દિવસે મારો બર્થડે પણ આવે છે. હું આખો દિવસ નવાં નવાં કપડાં પહેરું છું, નિયોજન કરું છું અને આખું ઘર સજાવું છું. આ મારો મનગમતો તહેવાર હોવા પાછળ આવાં અનેક કારણો છે. આ તહેવારનો મારો યાદગાર દિવસ કોલકતામાં મારી નાનીને ઘેર કરેલી કાલી પૂજા છે.

**સોની સબ પર શંકર જય કિશન ૩ ઈન ૧માં સિંપલ તરીકે ચિત્રાશી રાવત**

દિવાળી મારો સૌથી મનગમતો તહેવાર રહ્યો છે. આ સમય દરમિયાન મારે માટે તેનું મહત્ત્વ અનન્ય છે. મને હંમેશાં પોતાની અંદર છું એવું લાગે છે અને મારી આસપાસની ઊર્જા અચાનક બદલાઈ જાય છે, જે પછી મને ખુશી અને આશાનું નવેસરથી ભાન થાય છે. ઓહ, આ દિવસે તમારા પરિવાર અને મિત્રજનો સાથે સ્વાદિષ્ટ ખાવાનું અને મીઠાઈઓ ખાવાનું મળે અને આદાનપ્રદાન કરવાની મજા પણ બેસુમાર હોય છે. મારી યાદગાર દિવાળી મારા વતન દહેરાદુનની છે

# SonyLIV તેના સુપ્રસિદ્ધ શો લવબાઈટ્સ-સિઝન ૨ સાથે પરત ફરી રહ્યું છે



શું થાય જ્યારે તમને તમે જેને ખૂબ ચાહતા હોવ અને તેની સૌથી વધુ જરૂર હોય ત્યારે તે તમારાથી દૂર થાય. આવી પરિસ્થિતિ ઉભી થવા માટે વ્યક્તિની લાગણીઓ જવાબદાર હોય છે. શું થાય જો તમને છોડીને જનારો ફરી તમારી પાસે પરત આવે. શું તમે તેને બીજી તક આપશો. મનની આ મૂંઝવણભરી સ્થિતિમાંથી આપણામાંથી મોટાભાગના પસાર થતા હોય છે, જીહઔન્ફ પ્રેમની આવી વિવાદાસ્પદ સ્થિતિ, બ્રેકઅપ્સ, અંસુતષ્ટ પ્રેમ અને આવા બીજી તકની સ્થિતની સંભાળ લેશે તેની સુપ્રસિદ્ધ વેબસિરીઝ લવબાઈટ્સની દ્વિતીય શ્રેણીમાં.

# સમીક્ષા જયસ્વાલની મહેકે તેણીના પ્રશંસકને તેણીના જીવનને રૂપાંતરિત કરવા પ્રેરીત કરી!



પ્રશંસક પ્રાંજલી જેણે સ્વયંની ટિફિન સેવા શરૂ કરી અને પછીથી એક રેસ્ટોરન્ટ સમીક્ષા દ્વારા પ્રેરીત થઈ હતી પોતાની આદર્શનર્ને ઝી રિશ્તે એવોર્ડસ ૨૦૧૭ પર મળે છેગત ૨૫ વર્ષો દરમ્યાન, ઝી ટીવીએ પોતાના આઈકોનિક શોઝ અને અવિસ્મરણીય પાત્રો વડે પોતાના દર્શકોનું સારું એવું મનોરંજન કર્યું અને તેઓની સાથે લાગણીગત રીતે જોડાણ જોડાણ કરવામાં સફળ થયેલ છે. આ વર્ષે ઝી રિશ્તે એવોર્ડસ ઝી ટીવીની ઝળહળતી સફળતાના ૨૫ વર્ષોની ઊજવણી પોતાના દર્શકોને 'રિશ્તા મુબારક' પાઠવવા દ્વારા કરી રહેલ છે તાજેતરમાં આયોજિત ઝી રિશ્તે એવોર્ડસમાં, ઝિંદગી કી મહેકની સમીક્ષા જયસ્વાલ ઉર્ફે મહેક પોતાના પ્રશસંકો સામે આવી. એક સાહસખેડુ, પ્રાંજલી, ઝિંદગી કી મહેકની ભારે પ્રશંસક છે અને એક પણ એપિસોડ કયારેય જોવાનું ચૂકતી નથી અને માનવંતા ઝી રિશ્તે એવોર્ડસના મંચ પર આવી પોતાની કહાણીની આપ–લે કરવા છેક મુંબઈ આવી હતી. ઝિંદગી કી મહેકમાં સમીક્ષા જયસ્વાલના પાત્રથી પ્રેરિત, પ્રાંજલીએ પોતે કેવી રીતે પોતાના શમણાંનો પીછો કર્યો!

# રંગોળીમાં પુરજો રંગ સરસ કે સુખમય જાય નવું વરસ

**મોંઘવારીના માર વચ્ચે પણ નવા વર્ષને વધામણી આપવાનો થનગનાટ**




ગત વર્ષની નોટબંધીની અસર બાદ જીએસટી, તોફાન, પુર, વાવાઝોડું ના માર સાથે સંવત વર્ષ ૨૦૭૩ વિદાય લઈ રહ્યું છે. ત્યારે સહુ કોઈ ઘર માળીયાની જુની પુરાણી વસ્તુઓને કાઢી સુધારીને કે પછી રદબાતલ કરીને સફાઈ કરી રહ્યા છે.

દિપોત્સવી પર્વના વધામણા માટે ચારેકોર હર્ષોલ્લાસ છવાયેલો જોવા મળે છે ત્યારે ઘર માળીયાની જુની ચીજવસ્તુઓની જેમ મનના માળીયામાં તનાવ રોષ, ગુસ્સો, ઈર્ષ્યાના જાળા દુર કરીને પણ નવા વર્ષને વધાવે તો ?

આ વિચાર મારા મનમાં ઘુમરાતો હતો. ત્યાં જ અમી પંડયાનો એક મેસેજ ઝળકયો.. ખુબ ગમ્યો એટલે અહીં શેર કરૂં છું..

**રંગોળીમાં પૂરજો રંગ સરસ**
**કે રંગીન થઈ જાશે ધનતેરસ**
**રહેજો હંમેશા લાગણીને વશ**
**કે શુભ થઈ જાએ કાળી ચૌદશ**
**સળગાવી નાખજો નફરતની પાળી**
**ચમકાવતી જાયે જીંદગી દિવાળી**
**રાખજો ને આપજો હર્ષ સાથે હર્ષ**
**તે ખીલી જશે નવું નુતન વર્ષ**
**સંબંધોમાં ન રાખવી કદી ખીજ**
**કે ઉમંગોથી છલકાઈ જાશે ભાઈબીજ**
**દિલથી દિલ સુધી બાંધતો બ્રીજ**
**કે હંમેશા મહેંકતી રહેશે ત્રીજ**
**હરખથી થઈ જવા લોથપોથ,**
**ખુશીઓથી ભરાઈ જશે ચોથ,**
**પ્રેમની મુલાયમ પાથરી જાજમ,**
**વીતાવજો એકમેકથી લાભ પાંચમ,**
**એ વાંચીને મારાથી પણ ઉમેરાઈ ગયું**
**આપે લખ્યું છે ખૂબ સરસ તમને મુબારક નુતન વર્ષ**

હા આપ સહુને પણ સંવત ૨૦૭૪ ને વધાવવા માટે નવલા નુતન વર્ષાભિનંદન..

આપ પણ દીપોત્સવીનો અનુભવ મને મેઘ વર્ષા સપ્તગિરી સોસાયટી નં.૩ સાંઈ મંદિર અને બગીચા પાછળ વિશ્વામિત્ર ક્રોસિંગ માંજલપુર વડોદરા ૩૯૦ ૦૧૧ અથવા મો. ૯૯૨૫૬ ૨૮૪૯૮ પર જણાવશો

**સંવેદના :**

ગરીબના ઘરમાં દીવા બળે એ માટે એવી રીતે ખરીદી કરો કે તેમને લાભ થાય. .

**મનિષ જોષી,'મૌન' વડોદરા**

# ટીવી કલકારો મોરલ પોલિસિંગ વિશે શું માને છે



ભારત દુનિયામાં સૌથી મોટી લોકશાહીમાંથી એક છે. આમ છતાં ધર્મ, પરંપરા અને સંસ્કારને નામે દેશભરમાં મોરલ પોલિસિંગ મોટે પાયે ચાલે છે. મોરલ પોલિસિંગ અમુક ઉગ્રવાદી કહેવાતા પાલકો દ્વારા આચરવામાં આવે છે અને સમાજના ભદ્ર વર્ગથી આમ આદમી સુધી બધાને તેનો સામનો કરવો પડે છે. વેલેન્ટાઈન્સ ડે પર ઘણાં બધાં લગ્નો બળજબરીથી થવાના, બોલીવૂડની અભિનેત્રીઓની શરમજનક સ્થિતિમાં મૂકવાના અને છોકરીઓને રમતગમત પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી દૂર રાખવાના ઘણા બધા કિસ્સા છાશવારે બહાર આવે છે. જોકે મોટા ભાગના લોકો એ ભૂલી જાય છે કે નૈતિકતા વિષયાત્મક છે. એકને માટે ખોટું હોય તે અન્ય માટે સાચું હોઈ શકે છે. આવા સંજોગોમાં ટેલિવિઝનના કલાકારો મોરલ પોલિસિંગના આ મુદ્દા પર શું વિચારે છે તે જોવું રહ્યુ:

ડેબિના બોનરજી- કોમેડી દંગલ

મારો ઉછેર કોલકતાના સમાજના અલગ પ્રકારમાં થયો છે. મુંબઈથી તે સંસ્કૃતિ સાવ અલગ છે. મારાં લગ્ન પૂર્વે હું ગુરમીત સાથે રહેતી હતી. આ મુંબઈ હોવાથી મને કોઈ વાંધો નહોતો. જોકે કોલકતા હોત તો હું આવો વિચાર પણ કરી શકી નહીં હોત, કારણ કે મુંબઈ તે રીતે ઉદાર છે. તે લોકો અને વાતાવરણ પર આધાર રાખે છે. આથી અમુક વાર તમારે સમાજનાં નિયમો અને સંસ્કૃતિનું પાલન કરવું પડે.

# જય ભાનુશાલીનું ધ વોઈસ ઈન્ડિયા કિડ્સની બીજી સીઝનના હોસ્ટ તરીકે પુનરાગમન




ભારતનો સૌથી ખ્યાતિપ્રાપ્ત ગાયકી રિયાલિટી શો ધ વોઈસ ઈન્ડિયા કિડ્સ- સીઝન-૨નું દેશભરની યુવા પ્રતિભાઓ સાથે પુનરાગમન થયું છે. આ મંચ શ્રેષ્ઠતમ સૂરોને સંગીત અને સૂરોની શક્તિની ભવ્ય ઉજવણી માટે રાષ્ટ્રીય મંચ પર એકત્ર લાવે છે. દર્શકોમાં અત્યંત લોકપ્રિય હોવાથી નિર્માણકારો આ વખતે પણ દર્શકો રોમાંચિત થશે એવી આશા રાખે છે અને આ સીઝન હોસ્ટ કરવા માટે પણ જય ભાનુશાલીને રોક્યો છે. આ સીઝન સાથે જય ફરી એક વાર શોનો હોસ્ટ તરીકે આવી રહ્યો છે. જોકે સુગંધા આ વખતે તેની જોડે નહીં રહેશે. તેની જોડે પ્રતિભાશાળી બાળ કલાકાર નિહાર ગીતે રહેશે. આથી આ બડે મિયાં – છોટે મિયાંની જોડી જોવા જેવી રહેશે. જયે અગાઉ પણ ઘણા બધા રિયાલિટી શોમાં પોતાની સૂત્રસંચાલનની કુશળતા બતાવી છેઅને બાળકોને પણ તે બહુ ગમે છે. આ વખતે તે બાળકોને તેમના પ્રવાસમાં માર્ગદર્શન આપવા સાથે તેમની સાથે મૈત્રી પણ કેળવશે.

આ વિશે બોલતાં જય ભાનુશાલી કહે છે, છેલ્લાં ત્રણ કે ચાર વર્ષમાં મેં ઘણા બધા બાળકોના રિયાલિટી શો હોસ્ટ કર્યા છે, કારણકે બાળકો સાથે વાતોનું આદાનપ્રદાન કરવાનું આવે ત્યારે હું બહુ જ કમ્ફર્ટેબલ હોઉં એવું મેં જોયું છે. હું માનું છું કે રિયાલિટી એઆપણે પોતે છીએ અને બાળકોની નિર્દોષતા અને ઉત્સ્ફૂર્તતા મને મોહિત કરે છે. શોની ઊર્જા ચેપી છે અને ફરી એક વાર તેમાંઆવી શક્યો તે બદલ બેહદ ખુશી છે. ગયા વર્ષે આ નં. ૧ શો હતો અને મને આશા છે કે આ ચમત્કાર હજુ પણ ચાલુ રહેશે અને દર્શકો આ વર્ષે પણ તેટલો જ પ્રેમ મને આપશે.

## કસરતથી શરીરની સાથે મગજ પણ શક્તિશાળી બની જાય છે

આજકાલ સિક્સ પેક્સની બહુ વાત થાય છે અને કેટલાય યુવાનો અને યુવતીઓ એ માટે જિમમાં જવા માંડ્યા છે જો તમને બાહુબલી બનાવાની ઈચ્છા ન હોય તો પણ દરરોજ કસરત કરવાની તમારુ મગજ શક્તિશાળી થાય છે નેસનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ દ્વારા કાયેલા નવા અભ્યાસમાં એવુ જણાવ્યુ છે કે દિવસમા એક વખત દડો તો પણ તમારા મગજની શક્તિ વધી જાય એમ છે. ઉદર ઉપરના પ્રયોગો દરમ્યાન સંશોધકો જણાવ્યુ હતુ કે તેઓએક જ અઠવાડિયા આવ્યા હતા. જેઓ વધુ દોડતા હતા તે ઉદરોમાં નહી દોડનારા ઉદરો કરતા વધુ નવા ન્યુરોન્સ મગજમા જોડાયા હતા આ યાદશક્તિ વધુ તીવ્ર બની હતી તેમનો પ્રતિભાવ પણ તીવ્ર હતો. સાયન્ટિફિક રિપોર્ટસના પ્રકાશિત આ નવા અભ્યાસ ડો વાન પ્રાગ અને તેમના સાથીઓ ઉદરોને બે ભાગમાં વહેચી નાખ્યા હતા એક સુસ્ત જૂથ અને બીજુ સક્રિય જૂથ વિજ્ઞાનીઓએ સતત સક્રિય રહેતા ઉદરોના મગજમાં કોષોનુ વિશ્લેષણ કર્યે રાખ્યુ છે આ ઉદરોએ એક અઠવાડિયા દોડાવ્યે રાકવામાં આવ્યા હતા એજ પ્રમાણે સુસ્ત રહેતા ઉદરોના મગજમા કોષોનુ વિશ્લેષણ કરાયુ હતુ દોડવુ એ શારીરિક પ્રવૃત્તિ છે અને કઈ રીતે લાભકારી છે એ પણ તેમણે જણાવ્યુ હતુ તેમણે એ પુરાવા પણ રજૂ કર્યુ જેનાથી એ પુરવાર થાય છે કે દોડવાની ન્યુરોસની ફક્ત સંખ્યામાં જ વધારો થાય એવુ નથી તેનુ ગુણવત્તામા પણ વધારો થાય છે.

## પિત્ત પ્રકોપની દવાઓ

**હોમીયોપેથીક એક સરળઉપાર** — **ડૉ. જગદીશ ધોળકીયા**

**જીજ્ઞાસુ મિત્રો,**

શરદઋતુ એ પિત્તની ઋતુ કહેવામાં આવે છે. આ ઋતુમાં તીખું, તળેલું, મરચું, મરી મસાલા, ખટાશ, શ્રીખંડ, ખાટાં ફળો ખાવામાં આવે તો સાજા માણસને પણ પિત્તની વ્યાધિ થાય છે. પિત્તની વ્યાધિના લક્ષણોમાં દર્દીને ઉબકા આવે, ચક્કર આવે, માથું દુ:ખે, આંખોમાં બળતરા થાય, દર્દીને મનમાં થાય કે ઉલટી થશે તો સારૂં થશે. સવારે સૂર્યોદય થાય ત્યારથી માથામાં તે પણ બોચીના ભાગમાં ઓકસીપટલમાં દુ:ખાવો થાય, આંખોના ભાગ સુધી દુ:ખાવો રહે, જે સૂર્યાસ્ત થાય ત્યારે માથું દુ:ખવાનું ઓછું થાય, ગરમીમાં પેટ શીરદર્દ, ચક્કર, ઉલટી વધી જાય, ઠંડકમાં આરામ થાય, આ પિત્તના ખાસ લક્ષણ છે. પિત્તજન્ય રોગો વધી જાય ત્યારે શિળસ ચામડીની એલર્જી પણ થાય છે. તથા શ્રાવણ મહિનાથી માગસર મહિના સુધી પિત્તની વ્યાધિ રહે છે. આજે આપણે પિત્તની વ્યાધિથી થતી બિમારીઓ તેમજ લક્ષણો માટે હોમીયોપેથી દવાઓની માહિતી મેળવીશું.

**'પિત્તની હોમિયોપેથીક દવાઓ'**

**૧. કોલ્ચીકમ :** પિત્તને લીધે ઉબકા આવે, ઉલટી જેવું થાય, માથામાં અસહ્ય વેદના થાય, મગજ ફાટી જતું હોય તેવું લાગે, ગરમીમાં તકલીફ વધી જાય, પેટમાં બળતરા થાય, સંડાસમાં કાચો આમ થાય, મરચું તીખું ખાવાથી તકલીફો વધી જાય, ઝાડા થાય, ખાટા ઓડકાર આવે, ઘણીવાર પેશાબમાં બળતરા થાય, પેશાબમાં લોહી આવે, સંડાસમાં કાચો આમ પડે, પેટનું ધ્યાન રાખવામાં ન આવે તો ટાઈફોઈડ થવાની શકયતા વધી જાય છે.

અમારા ચાલીસ વર્ષના અનુભવમાં જોવામાં આવેલ છે કે બહાર જમે અથવા હોટલોમાં જમવાનું થાય ત્યારે જો થોડું તીખું ખવાઈ જાય અને પેટમાં બળતરા થાય, ઝાડા થાય, બેચૈની થાય, ત્યારે આ દવા આપવાથી અડધા કલાકમાં આરામ થાય છે.

**૨. સેગ્યુનેરીયા:** પિત્તની બીજી દવાઓની જેમ આ દવાના ઘણા ખરા લક્ષણ મળતાં આવે. જેમ કે પેટમાં બળતરા થવી, ઉબકા આવે, ઉલટી જેવછું થાય, ગભરામણ થાય, માથું દુ:ખે, સૂર્યનો તડકો સહન થાય નહીં, પણ આ દવાનું ખાસ લક્ષણ એ છે કે વધુ માત્રામાં તેમજ વારંવાર પેશાબ થાય ત્યારે માથાના દુ:ખાવામાં આરામ થાય છે.. જમણી બાજુના અંગો જેવા કે જમણી બાજુના માથાનો દુ:ખાવો લીવરની વ્યાધિ જમણી બાજુ છાતીનો દુ:ખાવો, છાતીમાં કફ થવો, આખો દિવસ મોંઢામાંથી લાળ ટપકે ત્યારે આ દવા ઉપયોગી બને છે.

આ સિવાય આખા શરીરમાં પિત્તને લીધે બળતરા થાય ત્યારે પણ આ દવા ઉપયોગમાં આવે છે. દર્દી સૂર્યની ગરમી, ઉનાળાની ગરમી સહન કરી શકે નહીં, સુગંધી સહન ન થાય, પ્રકાશ સહન થાય નહીં, મીઠાઈ સહન થાય નહીં.

**3. જેલ્સેમીયમ** : પિત્ત અને કફ બંનેનો સાથે દોષ થાય ત્યારે આ દવા ઉપયોગમાં આવે છે. પિત્તાશયની કોથળી સંકોચાઈ જાય જે ખાય તે પચે નહીં, લીવર ઉપર સોજો આવે, અવાજ ઘોંઘરો થાય.

આ દવાનું ખાસ લક્ષણ એ છે કે પિત્તને લીધે દર્દી ગભરાયેલો રહે, ડિપ્રેશનમાં આવે, ઉદાસ રહે, નિસ્તેજ રહે, કોઈ સાથે વાત કરવી ન ગમે, કોઈની સાથે ભળે નહીં, એકાંતમાં એકલા બેસી રહેવું ગમે, સુસ્ત રહે, શરીરમાં ધ્રુજારી આવે, કંપન થાય, પણ કોઈપણ મેળાવડામાં કે ભીડમાં જઈ શકે નહીં, રસ્તો ઓળંગવામાં પણ ડર લાગે.

જ્યારે તકલીફો વધે ત્યારે શરીરનું બેલેન્સ રહે નહીં, પડવાનો ડર લાગે, ચાલતાં ચાલતાં પડી જાય આ દવા ધ્રુજારી કંપન,પક્ષઘાત, પાર્કીન્સોનીસમમાં ખાસ ઉપયોગી બને છે.

**૪.નેટ્રમસલ્ફ** : પિત્તની આ ખાસ દવા છે.

.અનુસંધાન પાના નં.૬ ઉપર

## વિશ્વ આયુર્વેદ દિવસે – "વાહ ધરો વાહ"

**આયુર્વેદનું અમૃત** — **વૈદ્ય મહેશ અખાણી**

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આરોગ્ય વિના અધૂરા છે. ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ એ ચારેય આંગળીઓ સમાન વેદમાં આયુર્વેદ એ અંગુઠા સમાન છે. આયુર્વેદ એ અથર્વવેદનો ઉપવેદ છે. આવા આયુર્વેદને લઈ ને સમુદ્ર મંથન માં પ્રકટ થયેલ ધન્વન્તરી ભગવાન આવ્યા હતા તે દિવસ આપણે સૌ ધન્વન્તરી જયંતી- ધનતેરસ તરીકે ઉજવીએ છીએ.

આજે અજ્ઞાન, આળસને આકર્ષણના અભાવે આપણે સાચા આરોગ્યથી વંચિત રહી ગયા છીએ. નાની અમથી બીમારીમાં દુખાવા ની કે દર્દ દબાવનારી દવાઓ લઈ ને જયારે આપણે કીડની બગાડીએ છીએ, હાઈ બી.પીને લોહી ઘટેતેવા ડેન્ગ્યું જેવા રોગો ને આમંત્રણ આપીએ છીએ, હૃદય રોગોને માનસિક રોગો ઉભા કરીએ છીએ ત્યારે ભારત સરકારને પણ આયુર્વેદ પ્રતિ જાગૃતિ આવે તે માટે ધનતેરસને આયુર્વેદ દિવસ જાહેર કરવાની આવશ્યકતા લાગી છે.આવા આજના મંગલ દિવસે સૌ વાંચક મિત્રો ને એક કવિતા બનાવી ને ભેટ આપવાનું મન થયું છે.

**" વાહ ધરો વાહ, તું છે કીડની સુધારનારી."**

**વાહ ધરો વાહ...................... તું છે કીડની સુધારનારી.**

**અમે, તને પગ માં ચગદીએ. અમે, તને ગ્રહણ ટાણે જાણીએ,**

**લોહી બનાવનારી, મૂત્ર લાવનારી. સોજા મટાડનારી, ધાવણ વધારનારી**

**તું છે પાવનકારી, તું છે દર્દ હરનારી.... ...વાહ, ધરો વાહ..... તું છે કીડની સુધારનારી.**

**કીડની બગડી છે, દર્દી દાખલ થાય છે. કીડની બદલવી છે, ઓપરેશન નજીક આવેછે**

**ધરો નો રસ પિવાય છે, ઓપરેશન દૂર થાય છે .......વાહ ધરો વાહ...........**

**તણખલા જેવી છો તું, છતાં પણ આગ ને હોલાવનારી. ગરમી હટાવનારી, શીતળતા આપનારી**

**પેશાબ તણી બળતરા કે તાવ તણી જલન. મૂત્રલ બનીને કામ કરે ને દર્દ નું કરે શમન**

**ડાયાલીસીસ કરાવતાં દર્દી ને આપે શાંતિ કવચ......... વાહ ધરો વાહ........**

**લાખો ખર્ચે, ખેતર ને ખોરડું વેચે. દુ:ખી થાયે પોતે ને, ઘર ના સર્વે.**

**પગ તળે કચડાતી ધરો ને જો યાદ કરતે. સ્વસ્થ બની ને ધર્મ કાર્ય કરીને**

**આ જન્મ સુધારે, જન્મોજન્મ પણ સુધારે....... વાહ ધરો વાહ**

....... મહેશ અખાણી

આપની આસપાસની ધરો, તુલસી, ભોંય આમલી જેવી અનેક ઔષધીઓ ખોબલે આંસુએ આજે રડતી રહેલીછે. કારણકે તેમની આસપાસમાં રહેતા, વિહરતા માણસો નની અમથી બીમારીમાં પણ...., " બકરું કાઢતાં ઊંટ પેસે" ની જેમ શરદી, તાવ, કળતર, માથાનો દુ:ખાવો જેવા દર્દ માં પેઈન કીલર વિલાયતી દવાઓ લે છે અને કીડની ખરાબ કરે છે ને મોતના મુખમાં જાય છે. .........અને આ બધું સૌ દેખાતા હોવા છતાંયે આસપાસ ની વનસ્પતિને કે આયુર્વેદ નિષ્ણાત- વૈદ્યને યાદ કરતા નથી તેથી આ દિવ્ય ઔષધી રડતી રહેલી છે.... ત્યારે... આજના આ ધનવંતરી ત્ર્યોદશી, ધન તેરસ, વિશ્વ આયુર્વેદ દિવસે .. આંસુ સારતી દિવ્ય ઔષધીના હૈયાના અવાજને શબ્દ માં રજૂઆત કરું કે......

**" સમજો તો છીએ અમે જીગર ની જ્વાલા, ના સમજો તો છીએ તાપણું."**

**? "દીપાવલી, નૂતન વર્ષ અને મનુષ્ય ગૌરવ દિન" ની હાર્દિક શુભ કામનાઓ. "સબ કો સમર્થ બનાના હૈ, મનુષ્ય ગૌરવ બઢાના હૈ." ...**

૧૯, ઓક્ટોબર એટલે.. "મારા માં રામ, તારામાં રામ, સૌના હૃદય માં વસે છે ધનશ્યામ". ની ભાવના લઈ ને ઘર ઘર માં જનાર પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજી નો જન્મ દિવસ, મનુષ્ય ગૌરવ દિવસ, દીપાવલી અને નૂતન વર્ષ ના સૌને....જય શ્રી કૃષ્ણ

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**

**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર) મો.૯૪૨૬૩૯૯૧૨૫**

## સાઈટિકા-રાંઝણનો સરળ ઉપચાર

**સાઈકોથેરાપીસ્ટ**

સાઈટિકાને આયુર્વેદમાં 'ગૃધ્રસી' રોગ કહેવામાં આવે છે અને સુશ્રુતાચાર્યે તેને વાતપ્રધાન વ્યાધિ ગણાવ્યો છે. જેમ પાચનતંત્ર પર પિત્તનું પ્રભુત્વ હોય છે તેમ સમગ્ર 'નર્વસ સિસ્ટમ' પર વાયુનું પ્રભુત્વ હોય છે. દુ:ખાવો એ વાયુનું પ્રધાન લક્ષણ છે. સુશ્રુતે ગૃધ્રસીના સફળ ઉપચાર જણાવ્યા છે

પગ લપસવાથી પડી ગયાં. જમણાં નિતંબ પર વધારે વાગ્યું હોવાથી થોડી વાર તેમનાથી ઊભું ન થવાયું. તકલીફ સાથે ઊભા થઈને ઘરમાં જઈ સૂઈ ગયાં. બે-ત્રણ કલાકે કળ વળતા પૂર્વવત્ ઘરકામ કરવા લાગ્યાં. ચાર-પાંચ દિવસ શાંતિથી પસાર થઈ ગયા. બરાબર અઠવાડિયા પછી નિતંબની મધ્યમાં દુ:ખાવો ચાલુ થયો. ફેમિલી ડોક્ટરને બતાવવામાં આવ્યું. બે-ત્રણ દિવસ દર્દશામક ઔષધોપચાર ચાલ્યો. રાહત ન જણાતા કદાચ હીપ બોનમાં તડ પડી હોવાની શંકાથી ઓર્થોપેડિક સર્જનની સલાહથી ત્રણ એક્સ-રે લેવામાં આવ્યા. અસ્થિમાં કંઈ જ નથી એવો રિપોર્ટ મળ્યો. પુનઃ દર્દશામક, એન્ટિબાયોટિક્સ અને વિટામિન ઔષધોનો સાત-આઠ દિવસ મારો ચાલ્યો. આનંદીબહેનનું દર્દ નિતંબ મધ્યમાંથી પાછળની બાજુ ધીમેધીમે એડી સુધી ચાલ્યું. દર્દનું પ્રમાણ વધતા કન્સલ્ટન્ટ, ફિઝિશિયનને ઘરેબોલાવવામાં આવ્યા. ફેમિલી ડોક્ટરની સલાહથી બોલાવાયેલ ફિઝિશિયને રોગનું નિદાન કરી જણાવ્યું. આનંદીબહેનની 'સાઈટિકા' ખસી ગઈ છે. એમની સલાહ પ્રમાણે એક મહિનો લાકડાંની પાટ પર ચત્તા સૂવડાવ્યા. દિવસે દર્દશામક અને રાત્રે ડાયઝેપામ ઔષધ ગોઠવાયા. એક મહિને ફાયદો ન જણાતા રાંઝણ (સાયટીકા) મંત્રનારને બોલાવવામાં આવ્યા. સાત દિવસમાં મંતરજંતરનું પરિણામ શૂન્ય. આનંદીબહેનના પતિ સુધીરભાઈ મૂંઝાયા. દર્દ બેહદ વધી જવાથી પુન: ફિઝિશિયનની સલાહ લેવામાં આવી. તેમણે પુનઃ એ જ સલાહ અને ઔષધોપચાર ક્રમ ગોઠવીને કહ્યું કે, "જો એકાદ મહિનામાં ફાયદો ન થાય તો તેનો છેવટનો ઉપાય ઓપરેશન જ છે." સાઈટિકાની ખસેલી ગાદીને પૂર્વવત્ ગોઠવવાનું ઓપરેશન. સુધીરભાઈનું ટેન્શન વધી ગયું. એવામાં 'સ્ત્રી નિકેતન' સંસ્થાના એક સભ્ય બહેને સલાહ આપી કે, તમે આર્યુવેદિય ઉપચાર કરી જુઓ.

સાઈટિકાને આયુર્વેદમાં 'ગૃધ્રસી' રોગ કહેવામાં આવે છે અને સુશ્રુતાચાર્યે તેને વાતપ્રધાન વ્યાધિ ગણાવ્યો છે. જેમ પાચનતંત્ર પર પિત્તનું પ્રભુત્વ હોય છે તેમ સમગ્ર 'નર્વસ સિસ્ટમ' પર વાયુનું પ્રભુત્વ હોય છે. દુ:ખાવો એ વાયુનું પ્રધાન લક્ષણ છે. સુશ્રુતે ગૃધ્રસીના સફળ ઉપચાર જણાવ્યા છે. આયુર્વેદિય ઉપચારથી તમે પંદરેક દિવસમાં જ ચાલતા થઈ જશે. બીજા દિવસે નક્કી થયું કે એકાદ મહિનો આયુર્વેદિય ઉપચાર કરવો અને પરિણામ ન મળે તો ઓપરેશન કરાવી નાખવું.બીજા દિવસે આનંદીબહેનને ત્યાં જઈ નિમ્નોક્ત ઉપચારક્રમ ત્રણ અઠવાડિયાં કરવાની સલાહ આપી.

ઉપચાર ત્રણ અઠવાડિયાં સુધી સવાર-સાંજ બે વખત નગોડના પાનનો અડધો અડધો કલાક સ્વેદ લેવો. આયુર્વેદમાં વાયુના રોગમાં 'સ્વેદકર્મ'નું ખૂબ જ મહત્ત્વ છે. ચરકસંહિતામાં તો વિભિન્ન સ્વેદકર્મોનું વિસ્તૃત અને વૈજ્ઞાાનિક નિરુપણ કરવામાં આવ્યું છે. આ સ્વેદ કાથીના ખાટલામાં જ લેવાનો હોવાથી તેની વ્યવસ્થા કરવામાં આવી. પ્રથમ ખાટલા પર માત્ર ચાદર પાથરી તેના મધ્ય ભાગમાં જ્યાં કમર આવે ત્યાં બે કિલો નગોડનાં પાન પાથરી તેના પર આનંદીબહેનનો કટિપ્રદેશ રહે તે રીતે સૂવાનું. નીચેથી ગરમ પાણીની વરાળથી 'સ્વેદ' પ્રયોજાય છે. આ સ્વેદકર્મથી કટિપ્રદેશના બ્લડ સર્ક્યુલેશન પર અને નર્વસ સિસ્ટમ પર સીધી અસર થાય છે. નર્વસ સિસ્ટમ પર વાતનું પ્રાધાન્ય છે અને ગૃધ્રસી વાતપ્રધાન રોગ હોવાથી મૂળગામી અસર થાય છે. વાતારી ગૂગળ ગોળી (સમભાગે બનાવેલો શુદ્ધ ગંધક, શુદ્ધ ગૂગળ + ત્રિફળાનો યોગ) બે-બે ગોળી દિવસમાં ત્રણ વખત ગોળી સહેજ નવશેકા પાણી સાથે ભૂકો કરીને લેવી.મહારાસ્નાદી ક્વાથ અડધા કપની માત્રામાં ત્રણ વખત તેમજ વાતવર્ધક આહાર-વિહારનો ત્યાગ. ઉપર્યુક્ત ઉપચારથી સાતમા દિવસે દર્દમાં ઘણી રાહત થઈ. ઊંઘ શાંતિથી આવવા લાગી. ત્રણ અઠવાડિયામાં ઉપચારથી દર્દ માત્ર નિતંબ મધ્યમાં આવી ગયું. દર્દીનું મનોબળ વધતા ઉપચાર ત્રણ સપ્તાહ લંબાવવામાં આવ્યો. દોઢ મહિનાના આ ઉપચારથી આનંદીબહેનની 'સાઈટિકા' શાંત થઈ ગઈ.

## સમગ્ર વિશ્વ એક જ રાષ્ટ્રતારૂં મારૂં સહીયારૂં ને મારૂં મારા બાપનું, અનેક સમસ્યાના મુખમાં રહેલી પ્રકૃતિ !!

**મન બિલોરી કાચ** — **મંજુ પ્રજાપતી**

તો પછી એ કહેવત આપણા સાહિત્યમાંથી રદ કરી નાખવી પડી કે..

તારૂં મારૂં સહીયારૂં ને મારૂં મારા બાપનું..

તો પછી આપણા વિશ્વની સંખ્યાબંધ સમસ્યાઓનું આપોઆપ નિરાકરણ આવી જાય.

બસ જરૂર છે માત્ર એક ક્રાંતિકારી વિચારને ખરા અર્થમાં અમલમાં મુકવાની..

જોકે માનવજાતિનાં સ્વભાવને આપણે સારી રીતે ઓળખીએ છીએ. સમસ્યા કે પ્રશ્નોના સંગાથ વગર જીવવાની તેને ટેવ જ નથી. પ્રશ્નો ના હોય તો વળી માનવ એ ઉભા કરશે. આમ છતાં જો એ અભૂતપૂર્વ વિચાર મૂર્તિમંત થઈ જાય તો માનવજાતનું કલ્યાણ થવાની દિશામાં એક મહત્વનું પ્રથમ પગલુંભર્યુ ગણાશે.

એ વિચાર આમ તો સર્વપ્રથમ ઓશો રજનીશ એવા વિશ્વ વિખ્યાત પ્રખર ચિંતકના દિમાગમાં સ્ફૂર્યો હતો. તેમણે એક વખત એમ કહ્યું હતું કે, આપણા વિશ્વમાં કુલ ૧૯૫ રાષ્ટ્રો છે પરંતુ જો આ તમામ દેશો એકબીજામાં વિલીન બની જાય તો આખું વિશ્વ એક વિરાટ રાષ્ટ્રમાં પરિવર્તીત થઈ જાય.

આપણા વિશ્વના ૧૯૯૫ ભાગલા પડયા છે. નાના મોટા આ ૧૯૫ રાષ્ટ્રોનું એકબીજામાં વિલીનીકરણ થઈ જાય,તમામ સરહદો ભુંસાઈ જાય અને આખી દુનિયા માટે માત્ર એક જ વૈશ્વિક સરકાર હોય તો ?

આ દુનિયા મારૂં તારૂં ને ફલાણાનું નક્કી કરવામાં આજ સુધી ઉંચી નથી આવી. આપણા માનવ સમુદાયે દેશનાં સીમાડાઓ દોરીને વિશ્વને અનેક સમસ્યાઓમાં ધકેલી દીધું છે.

સ્વાર્થ અને જીવ વચ્ચે પ્રકૃતિદત્ત નાતો છે. પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા જીવ માત્ર જાતજાતનાં રસ્તાઓ અપનાવતાં રહ્યા છે. બહુ લાંબો વિચાર કરીએ ત્યારે એમ સમજાય છે કે આપણી દુનિયાની ઝીણામાં ઝીણી સમસ્યાનું મુળ માનવીના દિમાગમાં રહેલું છે. એકે એક પ્રશ્ન અને સમસ્યા માનવીના દિમાગમાં વિકસેલી બુધ્ધિનું જ પરિણામ છે. આદિકાળથી જ માનવ પોતાના અસ્તિત્વને ટકાવી રાખવા નવી નવી સાનુકુળતાઓ શોધતો રહ્યો છે.

જોકે પૃથ્વીના સર્જન બાદ કાળક્રમે જંગલી પશુ જેવો માનવી અનુભવે ધીમે ધીમે પોતાની બુદ્ધિ વિકસાવતો રહ્યો હતો. અહીં આશ્ચર્ય થાય તેવી એક વાત રજુ કરવાનું મન થાય છે કે..

તારૂં મારૂં સહીયારૂં ને મારૂં મારા બાપનું..

આ વૃત્તિ, પ્રકૃતિ કે વિચાર પ્રત્યેક જીવમાં જન્મજાત જ પડેલ હોય છે. જંગલી જનાવર પણ પોતાનો અંકુશ હેઠળનો વિસ્તાર સુનિશ્ચિત કરી લેવાની પ્રકૃતી ધરાવે છે. જંગલી જનાવરની જેમ જ આપણા શેરી મહોલ્લામાં રહેતા કુતરા જેવા પાલતુ જનાવરો પણ જે તે શેરી ગલીને પોતાનાં બાપની જાગીર સમજી અન્ય વિસ્તારનાં શ્વાનને ત્યાં પ્રવેશ કરવા દેતાં નથી. આવી પ્રકૃતિ જંગલી જનાવરોની પણ હોય છે અને આવા અનુભવો પરથી જ આદિ માનવોનાં દિમાગમાં આ પ્રકારની વૃત્તિ પ્રકૃતિ વિકસી હશે.

કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે જે તે એરીયાના સીમાડા નક્કી કરવાની વૃત્તિ પ્રત્યેક જીવમાં પડેલી છે. માનવના દિમાગમાંથી આ વિચાર નિર્મુળ કરવો અત્યંત કઠીન છે. જો કે એક જમાનો એવો પણ આ દુનિયાએ નિહાળ્યો જ છે.જેમાં બ્રિટન અડધી પોણી દુનિયા પર પોતાનું રાજ ચલાવતું હતું

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

## અવાર-નવાર ઉપવાસ કરવાથી હૃદય-હેલ્થ માટે સારું

**આરોગ્ય સંહીતા**

જેમના લોહીમાં વધુ માત્રામાં કોલેસ્ટરોલ હોય તેમને કોરોનરી હાર્ટ-ડીસીઝનું રિસ્ક વધે છે. ચરબીની જમાવટને કારણે રકતવાહીનીઓ સાંકડી અને કડક થાય છે જેને કારણે હાઈપરટેન્શન પણ વધે છે. અમેરિકાની ઈન્ટરમાઉન્ટેઈન મેડીકલ સેન્ટર હાર્ટ ઈન્સ્ટિટયુટના કાર્ડિયોલોજિસ્ટોની ટીમનું કહેવું છે કે જેમને અતિશય વધુ માત્રામાં કોલેસ્ટરોલ રહેતું હોય તેમણે સમયાંતરે ઉપવાસ કરવા જોઈએ, કેમ કે અવારનવાર ઉપવાસ કરતા લોકોમાં ખરાબ કોલેસ્ટરોલ અને ટ્રાઈગ્લિસેરોઈડ (ખરાબ ચરબી) નું પ્રમાણ લગભગ ૧૪ થી ૧૯ ટકા જેટલું ઓછું નોંધાયું હતું. ખરાબ ચરબીને કારણે રકતવાહિનીઓમાં અવરોધ આવવાનું રિસ્ક ઘટતાં હાર્ટ-અટેકની સંભાવનાઓ ઘટે છે. એકસામટા વધુ પડતા ઉપવાસ નહીં, પરંતુ નિયમિત સમયાંતરે અને ખાસ કરીને અઠવાડીયામાં એકાદ વાર ઉપવાસ, કરવામાં આવે તો એની બ્લડ-શુગર, રકતવાહિની અને લોહીમાં રહેલા કોલેસ્ટરોલ-લેવલ ત્રણેય પર પોઝીટીવ અસર પડે છે. અહીં ઉપવાસનો અર્થ ભરપુર ફરાળ ખાઈને કરેલા ધાર્મિક ઉપવાસ એવો નથી થતો. ડીટોકિસફાઈંગ પ્રોસેસ માટે જરૂરી ફાસ્ટિંગ કરવું જોઈએ.

## મનનું કરો અતિક્રમણ.. તેની પેલે પાર છે... પરમાનંદ જ પરમાનંદ...!

**માનસ** — **ડૉ. પ્રવીણ પટેલ**

**ગતાંકથી ચાલુ**

જે માણસો આ માનવા તૈયાર નથી તેવા મનુષ્યો પોતાને સ્વતંત્ર અને શ્રેષ્ઠ માનવા હોય છે. પરિણામે તેઓ જે તે પરિસ્થિતિમાં જ સતત રહેવા પ્રયત્ન કરે છે અને ઉલટાનું આ તેમના દ્વારા શ્રેષ્ઠ મનાતી પરીસ્થિતિમાં કોઈ બદલાવ ન આવી જાય અને જે જેમ છે તેમ જળવાઈ રહે, તેમ ઈચ્છતા હોય છે. તેથી કોઈ ભોગે આવી પરિસ્થિતિ બદલાઈને શ્રેષ્ઠ માનતા હોય છે. એ ખરેખર ભ્રામક અને અવાસ્તવિક કદાચ બદલાઈ જશે તેવા ડરમાં જીવતા હોય છે. આજકાલ વ્યક્તિગત વિકાસ પર્સનલી ડેવલોપમેન્ટનાં નામે મોટા વ્યાપાર ધંધા ચાલે છે. 'સ્માર્ટ દેખાવું બધા કરતાં પોતે વિશેષ છે' તેવું સાબીત કરવું, બીજાને મુર્ખ બનાવવાની કોશીશ કરવી અને આસપાસના કોઈપણ માણસના મનમાં પોતાના અંગે મહાનતાની છાપ ઉભી કરવી, બીજાની પાસેથી મનગતી ચીજો કે મોભાઓ છીનવીને પોતે પ્રાપ્ત કરવા,જેવી અનેક બાબતોને માણસ જીવનનો સાચો વિકાસ સમજે છે અને વિકાસની આવા પ્રકારની વ્યાખ્યા કે સમજ તેને વાસ્તવિક અધ્યાત્મનાં ઉત્થાનથી દુર રાખે છે.

આપણે જેને શ્રેષ્ઠ માની બેઠા છીએ અને તેવા હંમેશા બની રહીએ તેમ માનવાનું અને તે પ્રમાણે નામ હોવાનું આપણા મતને આભારી છે. અહીં મતનું માન્યતાનું કદ વધારવાનું નથી. પરંતુઘટાડવાનું તેને ઓગળાવાનું છે. જેમ દુધમાં સાકર નાખતાં તે દુધના જથ્થાને બિલકુલ વધાર્યા વગર દુધને મીઠું બનાવે છે. સાકરનો ગુણધર્મ રહે છે પરંતુ સાકર પોતે દુધમાં ઓગળી જાય છે અને દુધને મીઠાશ અર્પે છે તે જ પ્રમાણે મનનું કદ ઓછું થવા છતાં જ્યાં અને જ્યારે તેની જરૂર પડે ત્યાં અને ત્યારે તે તરત જ ઉપલબ્ધ થઈ જાય છે. આત્મજ્ઞાનીઓની આ જ કલાને આપણે આત્મસાત કરવાની જરૂર છે.જે શાશ્વત અને સર્વત્ર વિસ્તરેલું છે, પ્રસરેલું છે **અનુસંધાન પાના નં.૬ ઉપર**

## વધારે પડતો થાક,માથાનો દુ:ખાવો રહેતો હોય તો ઘરની હવા ચેક કરવી જોઈએ

**આરોગ્ય**

(જી.એન.એસ) લંડન

શું તમારા ઘરમાં બધાને બહુ થાક લાગ્યા કરે છે? વારંવાર માથું દુખ્યા કરે છે? ભુલક્કડપણું વધી ગયું છે? તો સૌથી પહેલા તમારા ઘરની હવાનું કમ્પોઝિશન તપાસો. હવામાં જયારે કાર્બન મોનોકસાઈડનું પ્રમાણ ખૂબ વધી જાય ત્યારે એ શરીર માટે સ્લો પોઈઝન જેવું કામ કરે છે અને બ્રિટનમાં ઘરમાં કાર્બન મોનોકસાઈડનું પ્રોઈઝનિંગ થવાને કારણે દર વર્ષે ૫૦ લોકો મૃત્યુ પામતા હોવાનો અંદાજ બંધાઈ રહ્યો છે. ઓલ પાર્ટી પાર્લમેન્ટરી કાર્બન મોનોકસાઈડ ગ્રુપના નિષ્ણાતોનું કહેવું છે કે ઘરના બંધિયાર વાતાવરણમાં કાર્બન મોનોકસાઈડ વાયુને કારણે થતી આડઅસરોના ભોગ અનેક લોકો બને છે, પરંતુ બહુ ઓછા લોકોના કેસમાં

એના સાચા કારણની ખબર પડે છે. અભ્યાસકર્તાઓનું કહેવું છે કે જયારે વાતાવરણમાં કાર્બન મોનોકસાઈડ થોડીક માત્રામા પણ વધી જાય છે ત્યારે એ મગજ અને શરીરના કાર્યમાં અડચણ ઊભી કરે છે.

એને કારણે પેદા થતાં લક્ષણો એટલાં કોમન હોય છે કે કંઈક ગંભીર સમસ્યા છે એવી ખબર નથી પડતી. નિષ્ણાતોનું કહેવું છે કે જ્યારે ઘરના મોટા ભાગના લોકોને એકસરખાં લક્ષણો લાગતાં હોય, ઘરની બહાર સારૂં ફીલ થતું હોય ત્યારે ઘરના વાયુની તપાસ કરવી અનિવાર્ય બની જાય છે.

રખેવાળ
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા

## વીજ કંપની બેચરાજી સબ ડિવિઝનનું વિભાજન કરી મોઢેરાને અલગ ડિવિઝન બનાવવા ઉઠેલી લોકમાંગ

ચાણસ્મા

ઉત્તર ગુજરાત વીજ કંપની બેચરાજી સબ ડિવિઝનનું વિભાજન કરી મોઢેરાને અલગ સબ ડિવિઝન બનાવવાની વર્ષો જુની માંગણી રાજ્ય સરકાર દ્વારા સંતોષવામાં નહીં આવતાં મોઢેરા પંથકના વીજ ગ્રાહકો આકરા પાણીએ છે અને દિપાવલી પર્વ બાદ વીજ કંપની સામે ઉગ્ર લડત આપવાની તૈયારી આરંભી દીધી છે અને જો તેમ છતાં ન્યાય ન મળે તો આગામી વિધાનસભાની ચુંટણીમાં સામુહિક બહિષ્કાર કરી હાલની સરકાર સામે બદલો લેવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો છે. બહુચરાજી સબ ડિવિઝનમાં ત્રણેક જિલ્લામાં ૧૦ કરતાં વધારે તાલુકાના ૨૦૦ કરતાં પણ વધારે ગામોનો સમાવેશ કરવામાં આવેલો છે. જેને પરિણામે વીજ ગ્રાહકો તેમજ બોરમાલિકોને ભારે હાડમારી વેઠવી પડે છે. છેલ્લા ૩- ૩ વર્ષથી મોઢેરાને અલગ સબ ડિવિઝન આપી આ વિસ્તારના ગામોનો સમાવેશ કરવાની માગણી આજેપણ અધ્ધરતાલ છે અને અહીંની નબળી નેતાગીરીને કારણે સરકાર દ્વારા કોઈ જ ઉકેલ લાવવામાં આવતો નથી. પરિણામે લાઈટ બિલ ભરવા કે વીજ લાઈન ફોલ્ટમાં જાય ત્યારે ફરીથી વીજ પુરવઠો ચાલુ કરવા તંત્રને ભારે મુશ્કેલી પડે છે. જેને કારણે પ્રજાને પણ ભારે હાડમારી વેઠવી પડે છે. બહુચરાજી તાલુકાના મહેસાણા રોડ ઉપરના આશરે ૨૦ જેટલા ગામોના લોકોને જીઈબીના કામે કે ખેતીના વીજબિલ ભરવા ૩૦ કિમીથી વધુ અંતર કાપી બહુચરાજી લાંબા થવું પડે છે. ચોમાસાની ઋતુમાં વીજફોલ્ટ થતાં ચાણસ્મા તાલુકાના પાંચેક ગામો તેમજ મોઢેરાથી પશ્ચિમ દિશા તરફના બહુચરાજી તાલુકાના ૧૦ કરતાં પણ વધારે અંતરિયાળ ગામોએ જવા બહુચરાજી વીજતંત્રને મોઢેરા થઈને જવું પડે છે. હાલ બહુચરાજી સબ ડિવિઝનમાં કામનું ખુબ જ ભારણ છે. જેનો સુચારુ ઉકેલ લાવવા મોઢેરા અલગ સબ ડિવિઝનની દરખાસ્ત રાજ્ય સરકારમાં પડતર છે. પરંતુ તેનો નજીકના ભવિષ્યમાં કોઈ ઉકેલ જણાતો નથી. જેથી નાછુટકે આગામી વિધાનસભાની ચુંટણીમાં મતદાનનો સામુહિક બહિષ્કાર કરવા સહિતના વિવિધ કાર્યક્રમો આપી ઉ.ગુ.વીજ કંપનીની શાન ઠેકાણે લાવવા લોકોએ નક્કી કર્યું છે.

## દેવું થઈ જતાં શિવાંગીની ક્રેડિટ સોસાયટીના મેનેજરનો આપઘાત

મહેસાણા

મહેસાણા શહેરની શિવાંગીની ક્રેડીટ સોસાયટીના મેનેજરે દેવું થઈ જતાં ગળે ટૂંપો ખાઈ આપઘાત કર્યાની ઘટનાએ ચકચાર મચાવી છે. મૃતકના ભાઈએ એ ડિવિજન પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં પોલીસે તપાસ હાથ ધરી છે. શહેરની મનોહરપાર્ક સોસાયટીમાં રહેતા ભાવેશભાઈ નવીનભાઈ પટેલ મંગળવારે સાંજ ૭ વાગે ઘરે હાજર હતા. તે સમયે તેમના પિતા નવીનભાઈએ ઘરે આવી કહ્યું કે, બ્રિજેશના ઘરે જવાનું છે, મારી સાથે ચાલ તેમ કહેતાં તે બંને ભાઈના ઘરે ગયા હતા. અહીં મકાનના પ્રથમ ખંડમાં નાયલોનની દોરી વડે ગળે ટૂંપો ખાંધેલી હાલતમાં બ્રિજેશની લાશ જોતાં જ આધેડ પિતા અને નાનાભાઈ ભાવેશના પગ ધ્રૂજી ગયા હતા. આ બનાવની જાણ એ ડિવિજન પોલીસને થતાં જ ઘટના સ્થળે પહોંચેલી પોલીસે લીધેલા નિવેદનમાં શિવાંગીની ક્રેડીટ સોસાયટીમાં મેનેજર બ્રિજેશ પટેલને દેવું થતાં આપઘાત કર્યાનું ખુલ્યું હતું. પોલીસે અકસ્માત મોત અન્વયે નોંધ કરી છે.

## પોશીનાના શિક્ષકોએ કાળી પટ્ટી બાંધી વિરોધ દર્શાવ્યો

હિંમતનગર

રાજ્યમાં પ્રાથમિક શાળાના શિક્ષકોના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતા છેલ્લા ત્રણ દિવસથી શિક્ષકો કાળી પટ્ટી બાંધીને શિક્ષણની કામગીરી કરી રહ્યા છે. જેના અનુસંધાને સાબરકાંઠાના પોશીના તાલુકા મથક ખાતે આવેલી પ્રાથમિક શાળા ખાતે તાલુકાના શિક્ષકો દ્વારા કાળી પટ્ટી ધારણ કરી સરકાર વિરોધી સુત્રોચ્ચાર કર્યા હતા અને પોતાની માંગણીઓ દોહરાવી હતી. સાબરકાંઠાની અન્ય શાળાઓમાં પણ શિક્ષકોએ કાળી પટ્ટી બાંધી પોતાના પ્રશ્નોની રજુઆત કરી હતી. સરકારે શિક્ષકોના પડતર પ્રશ્નો સંદર્ભે યોગ્ય કરવું જોઈએ તેવી માંગ ઉઠી છે.

## પાટણમાં બાઈક અને રીક્ષા અથડાતા ત્રણને સામાન્ય ઈજા

પાટણ

પાટણમાં બારોટની વાવથી સિધ્ધનાથ મંદિર જવાના માર્ગ પર બાઈક અને રીક્ષા અથડાતાં ત્રણ જણાને સામાન્ય ઈજા થઈ હતી. જાણવા મળતી વિગતો અનુસાર પાટણમાં પંચાસરા નજીક પુરાણી બારોટની વાવ આવેલી છે. ત્યાંથી સિધ્ધનાથ મહાદેવના મંદિર તરફ સંખારીના બાબુભાઈ મિસ્ત્રી પોતાના બાઈક પર મહાદેવના મંદિરે દર્શન કરવા જતા હતા ત્યારે નજીકના સાઈડની સોસાયટીમાં પુરઝડપે આવેલી રીક્ષા બાઈકને અથડાઈ પડતાં રીક્ષામાં સવાર મુસાફરો પૈકી ત્રણ જણાને સામાન્ય ઈજા થઈ હતી. સદર બનાવ શુક્રવારની મોડી સાંજે બન્યો હતો. ઈજાગ્રસ્તોને ખાનગી દવાખાને સારવાર કરવામાં આવી હતી.

## માત્ર બેજ કર્મચારીના સ્ટાફથી ચાલતી હારીજ વિકાસ નિગમની કચેરી

હારીજ

હારીજમાં મધુવન સોસાયટીના રહેણાંકવાળા વિસ્તારમાં છેક અંદરની બાજુએ ભાડા પટ્ટે ચાલતી ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમની આ ઓફિસમાં સ્ટાફ તેમજ સુવિધાનો અભાવ છે. સદર કચેરીમાં મહેકમ ૧૦ નું છે. જેમાં ૬ આસિસ્ટન્ટ, ૧ સેવક, ૨ ક્લાર્ક, અને ૧ અધિકારી પરંતુ અહીં પટાવાળા અને ક્લાર્ક નથી. માત્ર બે જ આસિસ્ટન્ટથી કચેરીનો વહીવટ ચાલે છે. બંગલામાં ચાલતી આ ઓફિસના અગત્યના દસ્તાવેજોના પોટલા બાંધીને નીચે મુકવામાં આવે છે. જેથી કોઈ ફાઈલ કે દસ્તાવેજો મુકવા માટે કબાટો નથી. તિજોરી પણ નથી અને બહારના અરજદારો આવે તો પીવાના પાણીની વ્યવસ્થા પણ નથી.

## ગરીબ કલ્યાણ મેળામાં કેટલાકને સહાય નહીં માત્ર વાયદા મળ્યાં

મહેસાણાઃ મહેસાણામાં ગુરુવારે જિલ્લા કક્ષાના યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાના સ્થળે વિવિધ વિસ્તાર માંથી તલાટીઓ, કર્મચારીઓ મારફતે લાભા ર્થીઓને લાવવા માં આવ્યા હતા. જ્યાં સતલાસણા, વિજા પુર, વિસન ગર પંથકના કેટલાક લાભાર્થીઓને ઉજ્જવલામાં ગેસ, ઉદ્યોગમાં ડેરી સાધન, ચાની કીટલી જેવી સાધન સહાય ન મળ્યાની સ્ટોલ પાસે લાભાર્થીઓમાં બુમરાડ ઉઠી હતી. જોકે આવા લાભાર્થીઓને બે, ત્રણ દિવસમાં તાલુકા કક્ષાએથી સાધન સહાય મળશે તેવુ કહેવાયુ હતું. જ્યારે બીજી તરફ જથ્થામાં લાભાર્થીઓ માટે ગોઠવાયેલ સાયકલ, ટોકર, કડીયાકામના ઓજાર પૈકી કેટલાક ખોટવાયેલા જોવા મળ્યા હતા. જોકે આવા સાધનો લાભાર્થીઓને વિતરણ ન કરાતા અલગ તારવીને વંચિત લાભાર્થીને પાછળથી પહોચાડવા સંબંધિત અધિકારી ઓ દ્વારા આયોજન કરાયું હતું.

લાડોલના કનુજી ઠાકોરે કહ્યું કે, ઉજ્જવલા યોજનામાં ગેસ કીટ મળશે તેમ કહીને લવાયા હતા પરંતુ અમારા ગામના ૪૧ જેટલા કનેકશનમાં કોઈને કીટ મળી નહોતી. વિસનગરના પુદગામના મહેશભાઈએ કહ્યું કે, ડેરી ઉદ્યોગની કીટ માટે ફોર્મ ભરેલુ અને આજે બોલાવ્યા હતા પરંતુ કીટ મળી નથી. હીરવાણીના જશુભાઈ ચૌહાણે કહ્યું કે, ચાની કીટલીની સહાય માટે કાર્ડ આપ્યું હતું જે સ્થળ પર સહાય મળી નહોતી.

કલેકટર એચ.કે. પટેલે હવેથી સરકારી તમામ યોજનાની આર્થિક સહાય સીધી લાભાર્થીના બેંક ખાતામાં જ જમા કરાવવામાં આવશે ત્યારે બેંકે એકાઉન્ટ આધાર લિંકેજ કરી લેવા માર્ગદર્શન આપ્યુ હતું. મહેસાણા નગરપાલિકાના પ્રમુખ રઈબેન પટેલ, પૂર્વ મંત્રી ખોડાભાઈ પટેલ, વાસ્મો ડિરેક્ટર ડી.કે. પટેલ, ડીડીઓ એમ. વાય. દક્ષિણી ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમતનગર સબજેલમાં બંધ કેદીને ખેંચ આવતાં મોત

હિંમતનગર

તલોદના તાજપુર ગામમાં પ્રોહિબિશનના ગુનામાં ઝડપાયેલા વ્યક્તિના રિમાન્ડ પુરા થયા બાદ હિંમતનગર સબજેલમાં મોકલવામાં આવ્યા બાદ ગુરૂવારે મળસ્કે ખેંચ આવ્યા બાદ હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતાં કસ્ટોડીયલ ડેથને પગલે ખળભળાટ મચી જવા પામ્યો છે. તલોદ પોલીસે તાજપુરના શરાફત યુસુફભાઈ મનસુરીના ઘેર રેડ કરી મકાનની બાજુની ઓરડી અને ઈકો ગાડીમાંથી રૂ.૩૩,૭૦૦નો દારૂ બીયરનો જથ્થો ઝડપી પાડી તા. ૯ ઓક્ટોબરે તલોદ પોલીસ સ્ટેશનમાં શરાફત યુસુફભાઈ મનસુરી સહિત બે શખસો વિરુદ્ધ ગુનો દાખલ કરી કોર્ટમાં રજુ કરી તા. ૧૧ ઓક્ટોમ્બર ૨૦૧૭ ના બપોરે ત્રણ વાગ્યા સુધીના રિમાન્ડ મેળવ્યા હતા અને ૧૧મી ઓક્ટોબરે રીમાન્ડ પુરા થયાં બાદ કોર્ટે સબજેલ હિંમતનગરમાં મોકલવાનો હુકમ કર્યો હતો.

હિંમતનગર સબજેલમાં લાવવામાં આવ્યા બાદ તા.૧૨ ઓક્ટોમ્બર ૨૦૧૭ના રોજ મળસ્કે શરાફતભાઈ (ઉ.વ.૪૧) ને અચાનક ગભરા મણ થતા અને ખેંચ આવતા જેલ પ્રશાસન ધ્વારા હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં તેમનું મળસ્કે ત્રણેક વાગ્યે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. મૃતકને પેનલ પી.એમ. માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયા હતા. કસ્ટોડીયલ ડેથને પગલે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

## રાધનપુરમાં પ્રબુદ્ધ નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે સેમિનાર યોજાયો

### કોઈને દાન આપો તો ફોટા ના પડાવશો, તમે જ ભિખારી લાગશો : સંજય રાવલ




રાધનપુર

રાધનપુર શહેરમાં શ્રી જલારામ પાર્ટી પ્લોટ ખાતે પ્રબુદ્ધ નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે ભારત વિકાસ પરિષદ અને રોટરી ક્લબના સંયુક્ત ઉપક્રમે શનિવારે રાત્રે ભયમુક્ત જીવન અને વ્યક્તિત્વ વિકાસ વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતના સુપ્રસિદ્ધ વક્તા સંજય રાવલે હૃદયસ્પર્શી વક્તવ્ય દ્વારા શ્રોતાઓના દિલ ડોલાવી દીધા હતા,વિશાળ શ્રોતાગણને સંબોધન કરતા સંજય રાવલે જણાવ્યું હતું કે સંસ્થાઓ અને દાનવીરો દ્વારા ગરીબ અને જરૂરિયાતવાળાને દાન આપવામાં આવે છે, પરંતુ કેટલીક સંસ્થાઓ અને લોકો દ્વારા દાન આપતી વખતે ફોટા પડાવી પોતે કૈક સારું કામ કર્યાનો સંતોષ માને છે, જે ખરેખર યોગ્ય નથી, તમે કોઈને દાન આપો કે મદદ કરો ત્યારે ફોટા પડાવો છો ત્યારે આપનાર પોતે જ ભિખારી જેવા બની જતા હોય છે,અને સમાજમાં સમજુ લોકોમાં હાંસીને પાત્ર બને છે, જેથી દાન આપતી વખતે કે મદદ કરતી વખતે ફોટા પડાવશો નહિ. રાજ્યના પ્રખર વક્તા સંજય રાવલે વધુમાં જણાવ્યું હતું કે જો આપણી પાસે વધારાનું બેલેન્સ હોય અને કોઈને મદદ કરવાની ઈચ્છા હોય તો કોઈ વિધવા કે ત્યક્તાના ઘરે જઈને કરિયાણું કે જીવન જરૂરિયાતની ચીજવસ્તુ આપી આવો. આજના યુવાનોને સલાહ આપતા તેમણે જણાવ્યું હતું કે સવારે ઉઠીને પહેલા માં-બાપને પગે લાગો, કારણ કે માં-બાપ આપણા માટે સર્વશ્રેષ્ઠ છે, આ ઉપરાંત જે કઈ કામ કરો તે મનથી કરો,કોઈપણ જાતની અપેક્ષા રાખ્યા વગર કરો, કુદરત આપોઆપ જ આપી દે છે. હાલના ચૂંટણીલક્ષી માહોલને અનુરૂપ તેમણે જણાવ્યું હતું કે ચૂંટણી આવી રહી છે, આપ એવા ઉમેદવારને ચૂંટો કે જે પાવરફુલ હોય અને તમારા વિસ્તારમાં મોડેલ સ્કૂલ બનાવે અને જિમ બનાવે, જે તમામ લોકો માટે મફત હોય.તેમણે છેલ્લે ઉમેર્યું હતું કે તમે જયારે પણ મંદિરે જાઓ ત્યારે ભગવાન પાસે કાંઈ પણ માંગશો નહિ,ભગવાનને બધી જ ખબર હોય છે કે તમારે શાની જરૂર છે. આ પ્રસંગે ઈન્ચાર્જ જિલ્લા પોલીસ વડા પાર્થરાજસિંહ ગોહિલ, ડો.પ્રવીણ ઓઝા, મહેશભાઈ મુલાણી, કપિલભાઈ અખાણી, કલ્પેશભાઈ ઠક્કર, ઝાકીરભાઈ ગાંધી, કાંતિભાઈ નાયી, અમથાભાઈ ચૌધરી સહીત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વડાલી તાલુકામાં વિકાસની હેલીઃ રૂ. ૨૪૩ લાખના લોકાપર્ણ અને રૂ. ૧૭૫ લાખના વિકાસલક્ષી કામોના ખાતમૂર્હત કરાયા



વડાલી

વડાલી તાલુકામાં રાજ્ય સરકારની વિવિધ યોજનાકીય કામોનું લોકાપર્ણ અને ખાતમૂર્હત વિધાનસભાના અધ્યક્ષ રમણ લાલ વોરાના હસ્તે કરવામાં આવ્યું હતું. વડાલી તાલુકામાં રૂ. ૧૭૫ લાખના ૮ કામોનું ખાતમુહૂર્ત તથા રૂ. ૨૪૩ લાખના ૯ વિકાસલક્ષી કામોનું લોકાપર્ણ કરતા અધ્યક્ષશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકારનો મુખ્ય આશય ગ્રામ્ય અને શહેરી વિસ્તારના રસ્તાઓનું નિર્માણ કરવાની સાથે પ્રાથમિક પાયાની સુવિધાઓ વધારવાનું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ઈડર અને વડાલી તાલુકામાં સિંચાઈ, પીવાના પાણીની સુવિધા, વીજળી તળાવો, માઈનોર કેનાલ, આરોગ્ય અને શિક્ષણ સહિતના સામુદાયિક વિકાસના કામો સરકારના વિવિધ વિભાગોમાં રજૂઆત અન પરામર્શમાં રહીને પરીપૂર્ણ કરવામાં આવ્યા હોવાનું તેમણે ઉમેર્યુ હતું. આ કાર્યક્રમ પ્રસંગે વડાલી નગરપાલિકા પ્રમુખ શ્રીમતી સમતાબેન સગર અગ્રણી શ્રી તખતસિંહ હડિયોલ, કિર્તી જયસ્વાલ, પ્રધ્યુમનસિંહ ચંપવત સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ચાણસ્માના વાગોસણના યુવાનને સેંધાના દસ શખસોએ માર માર્યો

પાટણ

ચાણસ્મા જીઈબીના કવોર્ટસ નજીક રાવળ સમાજના સમાજીક પ્રશ્ન હલ કરવા માટે સમાજના આગેવા સાથે બેઠક કરી હતી. તે વખતે સેંધા રાવળ સમાજના દસ શસોએ લાકડી તીક્ષહથિયારો જેવા છરી ધારણ કરીને વાગોસણાના રાવળ યુવાનને ઈજાઓ કરી હતી.

હારીજ તાલુકાના વાગોસણ ગામે રહેતા સુરેશભાઈ ઉર્ફે કાળો ઝેણાભાઈ રાવળ એ ચાણસ્મા પોલીસ નોંધાવેલ ફરિયદા મુજબ હકીકત એવી છે કે આ ગામના શખ્સો દસ ગેરકાયદેસર મંડળી રચી એક સંપ થઈ લાકડીઓ તમેજ તીક્ષ હથીયારો જેવા કે છરી તેમજ ધોકા જેડા જેવા હથિયારો ધારણ કરી સુરેશભાઈ અને તેમની સાથે રહેલા માણસને માથામાં તેમજ બરડાના ભાગે તેમજ ઢિંચણ ઉપર માર મારી ગડદાપાટુનો માર મારી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

આ અંગે ચાણસ્મા પોલીસ મથકનો સંપર્ક કરતા પોલીસ સુત્રોએ જણાવ્યુ હતું કે વાગોસણ યુવાનને સેંધાની છોકરીની મશ્કરી બાબતે બે પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. જેના સમાધાન માટે ચાણસ્મા ભેગા થયા હતા ત્યારે ચર્ચાઓમાં એક એક ઉશ્કેરાઈ થઈને વાગોસણા યુવાનને માર માર્યો હતો. તેવું પોલીસ સુત્રોએ જણાવ્યુ હતું. આ અંગે ચાણસ્મા પોલીસ મથકે ૧૦ શખ્સો લીલાભાઈ ભાઈચંદભાઈ રાવળ, ભાઈચંદભાઈ ડાહ્યાભાઈ રાવળ, ગોપીભાઈ ઈશ્વરભાઈ રાવળ, રાહુલભાઈ ગેગાભાઈ રાવળ, વિજયભાઈ ઈશ્વરભાઈ રાવળ, લાલાભાઈ ઈશ્વરભાઈ રાવળ, દશરથભાઈ ડાહ્યાભાઈ રાવળ, મેહુલભાઈ ગેગાભાઈ રાવળ, કાનજીભાઈ મોહનભાઈ રાવળ, ઈશ્વરભાઈ ગોવાભાઈ રાવળ સામે ફરિયાદ નોંધાવી હતી.

## અરવલ્લી જિલ્લાના ગરીબ મેળામાં ૩.૩૭ કરોડની સહાય વિતરણ કરાઈ

મોડાસા

અરવલ્લી જિલ્લાના પાંચમા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાનો પ્રારંભ મોડાસા ખાતેથી વિધાનસભાના અધ્યક્ષ શંભુજી ઠાકોરના અધ્યક્ષપણા હેઠળ રખાયો હતો. જેમાં જિલ્લાના ૩૭૨૬ લાભાર્થીઓને આજીવીકા માટે તેમજ સહાયરૂપે રૂપિયા ૩૩૭.૮૬ લાખની સહાયનું વિતરણ કરાયું હતું.

ગુજરાત સરકાર તા.૧૨ થી ૧૪ ઓકટોબર દરમિયાન દરેક જિલ્લાઓમાં સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરાયું હતું. જેનાભાગ રૂપે આજે મોડાસાની સરકારી ઈજનેરી કોલેજ પાસે ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવતાં મોડાસા,માલપુર, મેઘરજ, ધનસુરા, બાયડ, અને ભિલોડા તાલુકાના મોટી સંખ્યામાં લાભાર્થીઓ સરકારી અધિ કારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રવિયા વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલ, પોલીસવડા કે.એન. ડામોર, જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી જિલ્લા વિકાસ અધિકારી સ્મૃતિ ચારણ, પૂર્વ ધારાસભ્ય ભીખીબેન પરમાર,અધિક કલેક્ટર ઠાકોર, મોડાસા તાલુકા વિકાસ અધિકારી ગોપાલભાઈ પટેલ સહિત જિલ્લાના તમામક્ષેત્રના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અરવલ્લી જિલ્લાના ૩૭૨૬ લાભાર્થીઓને રૂપિયા ૩૩૭.૮૬ લાખની સહાય તેમજ ધંધાકીય કીટો વિતરણ કરાઈ હતી.

## હાર્દિક પટેલ કડોલીમાં કિસાન મહાપંચાયતમાં હાજરી આપશે

હિંમતનગર

હિંમતનગર તાલુકાના કડોલીમાં આજે ૧૩ ઓક ટોમ્બર ૨૦૧૭ના રોજ કિસાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં હાર્દિક પટેલ ઉપસ્થિત રહેનાર છે. જેને પગલે સ્થાનિક રાજ-કારણમાં ગરમાવો આવી ગયો છે.

સાબરકાંઠા પાસ કન્વીનર રવિ પટેલે વિગત આપતાં જણાવ્યુ કે, શુક્રવારે મોડી સાંજે આઠ વાગે કડોલી ખાતે કિસાન મહાપંચાયતનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં હાર્દિક પટેલ ઉપસ્થિત રહેનાર છે અને ખેતપેદાશના પોષણ ક્ષમ ભાવ, ખેડુતોની દેવા નાબૂદી, રાત્રિના બદલે દિવસે ૧૦ કલાક વિજળી, મીટર રદ કરી હોર્સ પાવર વાળા જોડાણ, ફેન્સીંગ માટે વ્યક્તિગત સબસીડી, ખેડૂતોને પેન્શન, પશુઆહારના ભાવમાં ઘટાડો, જંતુનાશક દવાઓ, ડ્રીપ ઈરીગેશન, ખાતરમાં જીએસટી નાબુદી જેવી સમસ્યાઓ અંગે ચર્ચા કરવામાં આવશે.

રવિ પટેલે ઉમેર્યું કે, કિસાન મહાપંચાયતના આયોજન માટે તંત્ર દ્વારા મંજુરી આપવામાં આવી છે. ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે કડોલીમાં હાર્દિક પટેલની મુલાકાતને પગલે રાજકીય ગરમાવો આવી ગયો છે.

## રાધનપુરમાં ફટાકડા બજાર માટે ૪૦ પ્લોટ ફાળવાયા




રાધનપુર

રાધનપુર શહેરમાં ફટાકડા બજાર માટે નગરપાલિકા દ્વારા જૂની રેફરલ હોસ્પિટલના મેદાનમાં ૪૦ પ્લોટ ફાળવી આપતા,ફટાકડાના વેપારીઓ દ્વારા ફટાકડાનો વેપાર શરુ કરી દેવામાં આવ્યો છે, ગત વર્ષે ૩૨ પ્લોટ ફાળવવામાં આવ્યા હતા,જો કે ચાલુ વર્ષે જી.એસ.ટી.ના મારથી ફટાકડાના ભાવોમાં ૩૦ ટકા જેટલો ભાવવધારો હોવાનું વેપારીઓ તરફથી જણા વવામાં આવ્યું હતું. ફટાકડા બજાર એસોસિયેશનના પ્રમુખ કુલદીપસિંહ રાઠોડ અને મંત્રી પ્રવીણભાઈ ઠક્કર તેમજ જીતુભાઈ ફટાકડાંવાળાના જણાવ્યા મુજબ આ વર્ષે અવનવી વેરાયટીઓ બજારમાં જોવા મળે છે, જેમાં ટિમ-ટિમ,તોરા-તોરા, બિગબોસ, છોટા ભીમ,પોંકેમેન, થ્રી સાઉન્ડ અને ટુ સાઉન્ડ જેવા ફટાકડા જોવા મળે છે. હાલમાં ફટાકડા માર્કેટમાં મંદીનો માહોલ છે,પરંતુ સોમવારથી માર્કેટ ખુલતા જ વેચાણમાં તેજી આવશે તેવું વેપારીઓનું માનવું છે.

## હિંમતનગરમાં ધોળે દિ' રૂા. ૧.૪૦ લાખની લુંટ અને ચોરીના બનાવથી ચકચાર

હિંમતનગર

હિંમતનગરમાં બે દિવસ દરમિયાન જુની સ્ટેટ બેંક પાસે અને મહાવીરનગર સોસા યટીમાં તસ્કરો અને લુંટારાઓ દ્વારા રૂા.૩. ૦૬ લાખથી વધુની માલમત્તા ચોરાયાની અને લુંટાવાની બે ઘટનાઓ બનતા સ્થાનિક પોલીસે તપાસ ચલાવી હતી. બંને ઘટનાઓ સંદર્ભે એ ડીવીઝન અને બી ડીવીઝન પોલીસ મથકે ગુનાઓ દર્જ થયા હતા. જાણવા મુજબ હિંમતન ગરમાં છેલ્લા કેટલાય સમયથી વાહનચોરી, ઘરફોડ ચોરી અને લુંટની ઘટનાઓએ માઝા મુકી હોવા છતાં આવા બનાવોને રોકવામાં પોલીસ નિષ્ફળ નિવડેલ છે. શહેરમાં જુની સ્ટેટ બેંક સામે લુંટની ઘટના બની હતી. જેમાં એક ૫૦ વર્ષીય શખ્સ અને ૧૦ થી ૧૨ વર્ષના બે છોકરાઓ મળી ત્રણેક જગ્યાએ બપોરના અઢી વાગ્યાના સુમારે આંગડીયા પેઢીના અશોકભાઈ શાહના ઝભ્ભાના ખીસ્સામાંથી રૂા. બે હજારના દરની ૭૦ નોટોની લુંટ ચલાવી ભાગવા જતા લુંટની ઘટનાને અંજામ આપનારને પકડવા જતા અશોકભાઈને ધક્કો મારી નાસી છુટ્યા હતા.